RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com


# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 19* Date: 13.11.2020 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




### રોજગારી ઊભી કરવા આત્મનિર્ભર ભારત રોજગાર યોજના લોન્ચ કરાઈ

# મોદી સરકારના આત્મનિર્ભર ભારત ૩.૦નું એલાન



ન્યુ દિલ્હી,તા.૧૨

કોરોના વાયરસના પગલે દેશ સહિત વિશ્વભરનું અર્થતંત્ર બગડી ગયું છે. તમામ દેશોની ગાડી પાટા પરથી નીચે ઉતરી ગઈ છે. વિવિધ દેશો વિવિધ યોજનાઓ અને રાહત પેકેજના પગલે ફરી તંત્રને ઉભુ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે ભારત પણ જલદીથી બેઠું થઈ રહ્યું છે તેવી આશા અને વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા દરેક ક્ષેત્રમાં લોકોને મુશ્કેલી ન પડે અને સહાયતા મળી રહે તે હેતુથી વિવિધ યોજનાઓ અને રાહક પેકેજની જાહેરાત કરવામાં આવી રહી છે. ત્યારે આજે મોદી સરકારે દેશભરના લોકોને ફરી એક મોટી દિવાળીની ભેટ આપી છે.

કોરોના સંકટમાં પાટા પરથી ઉતરી ગયેલી અર્થવ્યવસ્થાને ફરીથી દોડતી કરતાં માટે મોદી સરકારે વધુ એક રાહત પેકેજની જાહેરાત કરી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણએ આત્મનિર્ભર ભારત ૩.૦ની જાહેરાત કરી છે, જેમાં ૧૨ જાહેરાતો કરવામાં આવી છે. જેમાં આત્મભારત ભારત રોજગાર યોજના લૉન્ચ કરી છે તેને ૧ ઓક્ટોબરથી લાગુ થશે જેની અવધિ બે વર્ષની હશે. આત્મનિર્ભર ભારત યોજનાની શરૂઆત કરવામાં આવી છે જે થી રોજગારનું નિર્માણ થઈ શકે. નાણા મંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, અર્થવ્યવસ્થામાં સુધારના સંકેત જોવા મળી રહ્યા છે.

આત્મનિર્ભર ભારત ૩.૦ હેઠળ ૧૨ યોજનાઓની વિગતો રજૂ કર્યા બાદ નાણા મંત્રીએ જણાવ્યું કે, આત્મનિર્ભર ભારત ૩.૦ હેઠળ કુલ ૨.૬૫ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ રકમ ભારતના જીડીપીના ૧૫ ટકા જેટલી છે.

**યોજનાનો લક્ષ્ય છે કે વધુમાં વધુ કર્મચારી ઈપીએફઓ સાથે જોડાય**

આત્મનિર્ભર ભારત રોજગાર યોજનાઆ યોજનાનો લક્ષ્ય છે કે વધુમાં વધુ કર્મચારી ઈપીએફઓ સાથે જોડાય અને પીએફનો ફાયદો લે. આવા કર્મચારી જે પહેલા પીએફ માટે રજિસ્ટર્ડ નહોતા અને તેમની આવક ૧૫ હજારથી ઓછી છે તો તેમને આ યોજનાનો લાભ મળશે. જે લોકો ઓગસ્ટથી સપ્ટેમ્બર સુધી નોકરીમાં નહોતા, પરંતુ ત્યારબાદ પીએફથી જોડાયેલા છે તેમને પણ આનો લાભ મળશે. આ યોજના ૩૦ જૂન ૨૦૨૧ સુધી લાગુ રહેશે.

**કર્મચારીઓને પીએફના પૂરા ૨૪ ટકા હિસ્સો સબ્સિડીના રૂપમાં આપશે**

સરકાર બે વર્ષ સુધી ૧૦૦૦ની સંખ્યાવાળા કર્મચારીઓવાળી સંસ્થાઓને નવી ભરતીવાળા કર્મચારીઓને પીએફના પૂરા ૨૪ ટકા હિસ્સાસબ્સિડીના રૂપમાં આપશે. તે ૧ ઓક્ટોબર ૨૦૨૦થી લાગુ તશે. ૧૦૦૦થી વધુ કર્મચારીઓ વાળી સંસ્થામાં નવા કર્મચારીના ૧૨ ટકા પીએફ યોગદાન માટે સરકાર બે વર્ષ સુધી સબ્સિડી આપશે. તેમાં લગભગ ૯૫ ટકા સંસ્થાન આવી જશે અને કરોડો કર્મચારીઓને ફાયદો થશે.

**૨૬ સેક્ટર્સ માટે ક્રેડિટ ગેરન્ટી સપોર્ટ**

આજના રાહત પેકેજમાં સરકારે કોવિડ-૧૯ મહામારીની વચ્ચે સૌથી વધુ નુકસાનનો સામનો કરનારા ૨૬ સેક્ટર્સ માટે ક્રેડિટ ગેરન્ટી સપોર્ટ સ્કીમની જાહેરાત કરી છે.

**ECLGS સ્કીમની અવધિ વધારાઈ**

સરકારે ૩ લાખ કરોડ રૂપિયાની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ ની તારીખ વધારીને ૩૧ માર્ચ ૨૦૨૧ કરી દીધી છે. તેઓએ કહ્યું કે આત્મનિર્ભર ભારત હેઠળ ECLGS સ્કીમ હેઠળ ૬૧ લાખ લોકોને લાભ મળશે.

**વડાપ્રધાનર આવાસ યોજના (શહેરી) માટે ૧૮ હજાર કરોડ રૂપિયાની જાહેરાત**

પીએમ શહેરી આવાસ યોજના માટે ૧૮ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેનાથી કુલ ૩૦ લાખ મકાનોને ફાયદો થશે. આ બજેટમાં જાહેર કરવામાં આવેલા ૮ કરોડ રૂપિયાથી વધારાના હશે. તેમાં ૭૮ લાખથી વધુ રોજગારીની તક ઊભી થશે.

**નિર્માણ અને માળખાકિય સુવિધા સેક્ટરને રાહત**

નિર્માણ અને માળખાકિય સુવિધા સેક્ટરની કંપનીઓને હવે કોન્ટ્રાક્ટ માટે પર્ફોમન્સ સિક્યુરિટીના રૂપમાં ૫થી ૧૦ ટકાને બદલે માત્ર ૩ ટકા રકમ રાખવી પડશે. આ રાહત આવતા વર્ષ એટલે કે ૨૦૨૧ની ૩૧ ડિસેમ્બર સુધી મળશે.

**કોરોના વાયરસ સેક્ટરમાં રિસર્ચ માટે ૯૦૦ કરોડ રૂપિયા**

કોરોના વાયરસ સેક્ટરમાં રિસર્ચ કરનારી કંપનીઓને પ્રોત્સાહન આપવા માટે ૯૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. આ રકમ વેક્સીન બનાવવા નહીં પરંતુ જે કંપનીઓ રિસર્ચ કરી રહી છે તેમને આપવામાં આવશે. તેનો ફાયદો બાયો ટેક્નોલોજીની કંપનીઓને મળશે.

**ફર્ટિલાઈઝર સબ્સિડીની જાહેરાત, ૬૫ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ**

કૃષિ ક્ષેત્રને રાહત આપવા માટે નાણા મંત્રીએ ફર્ટિલાઈઝર સબ્સિડી ની જાહેરાત કરી છે. સરકારે કહ્યું છે કે ફર્ટિલાઈઝર સબ્સિડી તરીકે તેઓ ૬૫ હજાર કરોડ રૂપિયા આપશે. તેનાથી ખેડૂતોને સસ્તા ભાવે ફર્ટિલાઈઝર ઉપલબ્ધ થઈ શકશે.

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના માટે ૧૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત**

સરકારે પહેલા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૧૧૬ જિલ્લાઓના પ્રવાસી શ્રમિકોને તેમના રાજયમાં રોજગાર આપવાની જાહેરાત કરી હતી. સરકારે તેના માટે ૩૭,૫૪૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો. આ સ્કીમ ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધીની હતી. હવે સરકારે તેમાં ૧૦ હજાર કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

**હાઉસિંગ સેક્ટર**

હાઉસિંગના ક્ષેત્રમાં વધુ એક મોટી જાહેરાત કરવામાં આવી છે. હવે ઘર બનાવનાર અને ઘરીદનાર બંનેને ફાયદો થશે. મોટાભાગે જોવા મળે છે કે સર્કલ રેટ અને એગ્રીમેન્ટ વેલ્યૂમાં અંતર આવે છે, ઈનકમ ટેક્સ એક્ટમાં ૧૦ ટકાની જ જોગવાઈ કરવામાં આવી છે. મોટાભાગના લોકો પહેલીવાર ઘરીદતાં ૧૦ ટકાની છૂટ હતી અને તેને વધારીને ૨૦ ટકા કરી દેવામાં આવી છે. એટલે કે જો કયાંય પ્રોપર્ટીનો ભાવ ઘટી ગયો છે પરંતુ સર્કલ રેટ વધુ છે તો ત્યાં તેનો ફાયદો થશે. પરંતુ આ ફક્ત ૨ કરોડ રૂપિયા સુધી કિંમતના ઘર માટે જ છે. આ સ્કીમ પન ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લાગૂ રહેશે.

## અર્થતંત્રની ગાડી પાટે ચડાવવા મોદી સરકારે જાહેર કર્યુ વધુ એક રાહત પેકેજ, ૧૫૦૦૦થી ઓછા પગારવાળા કર્મચારીઓને લાભ, સરકાર બે વર્ષ સુધી પીએફનું અંશદાન ભોગવશે

### એમ્સના ડિરેક્ટર ડો.રણદીપ ગુલેરિયાનું નિવેદન

## રસી સંગ્રહ માટે લઘુત્તમ તાપમાન માઈસન ૭૦ ડિગ્રી તાપમાન ભારતમાં મોટો પડકાર

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં કોરોનાનો કહેર વરસાવાનું હજુ પણ ચાલુ છે. આ બધાની વચ્ચે વેક્સીન સંગ્રહણ એ ચર્ચાનો મુખ્ય વિષય બની ગયો છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે રસી વિતરણ અંગે વ્યૂહરચના બનાવાની જરૂર છે. પરંતુ એક એવું કારણ સામે આવ્યું છે જેના કારણે ભારતમાં રસી સંગ્રહ એક મોટો પડકાર છે.

તાજેતરમાં અમેરિકા સ્થિત ફાર્મા કંપની ફાઇઝરએ જાહેરાત કરી હતી કે તેમની રસી ટ્રાલયમાં ૯૦% કરતાંથી પણ વધુ અસરકારક છે. દરમિયાન ભવિષ્યમાં આરોગ્ય મંત્રાલયે ભારતમાં રસીની ઉપલબ્ધતા અંગે પ્રયાસો શરૂ કર્યા, પરંતુ રસી સંગ્રહ પરનો પેચ ફસાઈ ગયો. એવી રસી વ્યક્ત કરવામાં આવી રહી છે કે આવી રસીના સંગ્રહ માટે માઈનસ ૭૦ ડિગ્રી સેલ્સિયસની જરૂર પડશે.

દિલ્હી સ્થિત એઈમ્સના ડિરેક્ટર ડૉ.રણદીપ ગુલેરિયા એ બુધવારે જણાવ્યું હતું કે રસી સંગ્રહવા માટે જરૂરી લઘુત્તમ તાપમાન માઈનસ ૭૦ ડિગ્રી સેલ્સિયસ છે તે ભારતમાં એક મોટો પડકાર છે. ખાસ કરીને નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં જયાં આવી ઠંડી સુવિધાઓ જાળવવી ખૂબ મુશ્કેલ હોય છે.

જો કે અહેવાલો અનુસાર કોલ્ડ ચેઈનને લઇ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, જેથી કોરોના રસી દેશભરમાં ઉપલબ્ધ થઇ શકે, કારણ કે રસી ઉપલબ્ધ કરાવનાર મોટાભાગની કંપનીઓને કોલ્ડ સ્ટોરેજની જરૂર પડશે.અમેરિકન કંપની ફાઇઝર અને જર્મન કંપની બાયોટેક આ રસી પર મળીને કામ કરી રહી છે. કંપનીનો દાવો છે કે તેની રસી ૯૦ ટકાથી વધુ અસરકારક સાબિત થઈ છે. આ દાવો ટ્રાયલના ત્રીજા તબક્કા બાદ કરવામાં આવ્યો છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૧૨૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૧૮૪૯૬૪**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦૬**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૦૩૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૧૬૮૯૫૮**

## ઈતિહાસમાં પ્રથમ વખત ભારત આર્થિક મંદીમાં સપડાયું: RBIની કુબૂલાત

મુંબઈ,તા.૧૨

ભારતીય રિઝર્વ બેન્કના એક અધિકારીએ જણાવ્યું છે કે ચાલુ નાણાંકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં દેશની જીડીપી એક વર્ષ અગાઉની સરખામણીએ ૮.૬ ટકા ઘટવાનું અનુમાન છે. આ રીતે સતત બે ક્વાર્ટરમાં જીડીપી ઘટવાની સાથે દેશ પ્રથમ વખત મંદીમાં સપડાયો છે. કોરોના રોગચાળા અને લોકડાઉનની અસરને કારણે પ્રથમ ક્વાર્ટરમાં ૨૩.૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીજા ક્વાર્ટરમાં જીડીપીના સત્તાવાર આંકડા જાહેર થાય નથી પરંતુ આરબીઆઈના રિસર્ચરોએ તાત્કાલિક પૂર્વાનુમાન રીતના ઉપયોગ થકી અનુમાન લગાવ્યું છે કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૮.૬ ટકા સુધીનો ઘટાડો રહી શકે છે. આ વાત આરબીઆઈના માસિક બુલેટિનમાં પ્રકાશિત થઈ છે. આરબીઆઈને અગાઉથી જ પૂર્વાનુમાન વ્યક્ત કર્યું છે કે ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન જીડીપીમાં ૯.૫ ટકાનો ઘટાડો થઇ શકે છે. આરબીઆઇના રિસર્ચર પંકજ કુમાર દ્વારા તૈયાર કરવામાં આવેલ અધ્યયન નોંધમાં કહેવામાં આવ્યું છે કે ભારત ટેક્નિકલ રૂપથી ૨૦૨૦-૨૧ના પ્રથમ ક્વાર્ટર દરમિયાન પોતાના ઈતિહાસમાં પ્રથમ વખત આર્થિક મંદીમાં સપડાઈ ગયું છે. ઈકોનોમિક એક્ટિવિટી ઈન્ડેક્સ એટલે કે આર્થિક કામકાજનો સૂચકાંક શીર્ષક હેઠળ લખવામાં આવેલ લેખમાં કહેવામાં આવ્યુંછે કે સતત બીજા ક્વાર્ટરમાં આર્થિક ઘટાડો થવાનું અનુમાન છે.જોકે તેમાં એ પણ કહેવામાં આવ્યું છે કે પ્રવુતિઓ ધીમેધીમે સામાન્ય થવાની સાથે સાથે ઘટાડાનો દર પણ ઓછો થઇ રહ્યો છે અને સ્થિતિ સારી થવાની આશા છે.

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૭,૯૦૫ કેસ નોંધાયા, ૫૫૦ના મોત

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૭૯૦૫ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૬૮૩૯૧૬ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૨૭૧૮ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૮૦૬૬૫૦૧ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૪૮૯૨૯૪ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૫૫૦ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૮૧૨૧ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૨.૮૯ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૫૨૦૯૬૭૩૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૮૩૩૪૬ લોકોના મોત નિપજયા છે જયારે ૩૩૯૨૪૨૦૮ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૬૮૮૯૧૭૮ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

## વિશ્વ આરોગ્ય સંસ્થાના મહાનિર્દેશકે વડાપ્રધાન મોદીની પ્રશંસા કરી

ન્યુ દિલ્હી,તા.૧૨

દુનિયાભરના લોકોને કોરોના વાયરસની વેક્સીન કોવેક્સ મળી રહે તે માટે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનોમ ગ્રેબેયેસસે બુધવારે પ્રશંસા કરીને તેમનો આભાર માન્યો હતો.

ડબલ્યુએચઓના ડાયરેક્ટરે કરેલા ટ્વીટમાં લખ્યું છે, હું દુનિયાભરના લોકો માટે કોવિડ-૧૯ વેક્સીન કોવેક્સના ઉત્પાદન માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતા બદલ તેમનો આભાર માન્યું છું. આ મહામારી દુનિયા માટે મોટો પડકાર છે અને અમે ખભાથી ખભો મિલાવી કામ કરવા માટે સહમત થયા છીએ.

ટેડ્રોસ કહે છે, તેમણે પ્રધાનમંત્રી મોદી સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી, આ દરમિયાન તેમણે પારંપરિક ચિકિત્સાના ક્ષેત્રમાં દુનિયાભરમાં જ્ઞાન, રિસર્ચ અને ટ્રેનિંગ સરળતાથી પહોંચાડવા પારસ્પરિક સહયોગને વધારવા પર ભાર મૂક્યો.

તેમણે એક અન્ય ટ્વીટમાં લખ્યું, પારંપરિક ચિકિત્સા ક્ષેત્રમાં દુનિયાભરમાં જ્ઞાન, રિસર્ચ અને ટ્રેનિંગ સરળતાથી પહોંચાડવા માટે પારસ્પરિક સહયોગને મજબૂત કરવાને લઈને થયેલી વાતચીત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર. ડબલ્યુએચઓ ગ્લોબલ હેલ્થ અને યુનિવર્સલ હેલ્થ કવરેજમાં ભારતની અગ્રણી ભૂમિકાનું સ્વાગત કરે છે.

પ્રધાનમંત્રી કાર્યાલય તરફથી જાહેર એક નિવેદનમાં કહેવાયું હતું કે, પીએમ મોદીએ કોવિડ-૧૯ મહામારીમાં દુનિયાભર વચ્ચે સમન્વય બનાવવાને લઈને ડબલ્યુએચઓના મહત્વપૂર્ણ યોગદાનની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, આ દરમિયાન અન્ય બીમારી સામે લડાઈ નબળી નથી પડવા દેવાની અને વિકાસશીલ દેશોમાં સ્વાસ્થ્ય સહયોગના મહત્વનો ઉલ્લેખ કર્યો.

## વડાપ્રધાન મોદીના કારણે પહેલી વાર ભારત આર્થિક મંદીમાં સપડાયુ: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૨

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે મોદી સરકાર પર અર્થતંત્રને મંદીમાં ધકેલવાનો આક્ષેપ કર્યો હતો. એકતરફ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમન બપોરે આર્થિક બૂસ્ટક ડોઝની જાહેરાત કરવાના છે તે પૂર્વે જ કોંગ્રેસે આ શાબ્દિક હુમલો કર્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓને પગલે દેશ ઈતિહાસમાં સૌપ્રથમ વખત આર્થિક મંદીમાં ધકેલાયો છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે, દેશ મંદી તરફ ધકેલાયો છે. વડાપ્રધાન મોદીની નીતિઓથી ભારતની તાકાત તેની નબળાઈ બની ગઈ છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પોતાના ટ્વીટ સાથે એક અહેવાલ પણ ટાંક્યો હતો જેમાં આરબીઆઈએ જણાવ્યું છે કે ચાલુ વર્ષે જુલાઈથી સપ્ટેમ્બરમાં દેશનો જીડીપી માઈનસ ૮.૬ ટકા થવાની સંભાવના છે.

## તંત્રી સ્થાનેથી...

## કોરોના કાળમાં શાળાઓ કરી અનલોક: વાલીઓમાં અસંમજસતા દૂર થશે ખરી....?

*સમગ્ર દેશને લગભગ અનલોક કરી દેવામાં આવ્યો છે. છતાં કોરોનાથી બચવા માટે તેના નિયમોનું પાલન કરવા ખાસ ચેતવણી આપી દેવામાં આવી છે. ભારતમાં દિલ્હી, મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક જેવા રાજ્યોમાં કોરોના પુનઃ આગળ વધવા લાગ્યો છે.... તેમાં ગુજરાત પણ હવે બાકાત નથી રહ્યું. લગભગ ૧૦ જેટલા રાજ્યોમાં શાળાઓ ખોલવાની મંજૂરી આપી દીધી અને ગુજરાત સરકારે પણ ૨૩ મી નવેમ્બરથી શાળાઓ ખોલવાની મંજૂરી આપી દીધી છે જે મંજૂરી આકરી શરતોને આધીન આપી છે....જેમાં વિદ્યાર્થીના વાલી કે માતા- પિતાની સંમતિ જરૂરી છે, માસ્ક, ડિસ્ટન્સ, સેનેટાઝર અને હાથ ધોવા માટેની વ્યવસ્થા કરવા સહિતનું પાલન કરવાનું ફરજીયાત છે. પરંતુ મોટાભાગના વાલીઓ પોતાના સંતાનોને શાળાએ મોકલીને તેમની જિંદગી હોડમાં મૂકવા તૈયાર નથી.... લોકો આજે પણ કોરોનાથી ફફડી રહ્યા છે.... તેનું કારણ છે અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધવા લાગી છે. બુધવારે એક જ દિવસમાં ૧૮૬ લોકો કોરોનાની ચપેટમાં આવી ગયા અને કોરોનાના ૨ દર્દીના મૃત્યુ થયા છે. આંધ્રમાં શાળા ખુલ્યાના ત્રીજા દિવસે સાગમટે ૨૬૮ વિદ્યાર્થી અને ૧૭૦ જેટલા શિક્ષકો કોરોનાની ચપેટમાં આવી ગયા અને ચોથા દિવસે ૬૬૮ પર આંખ પહોંચી ગયો....જેના કારણે આમ પ્રજામાં તેમાં પણ વિદ્યાર્થીઓના વાલીઓ અને માતા-પિતામાં ડર વધી ગયો છે. બીજી તરફ દિવાળીના તહેવારના દિવસોમાં મોટાભાગે હોસ્પિટલો, દવાખાનામાં ડોક્ટરો રજા રાખતા હોય છે કે પછી આવતા જ નથી.બીજી તરફ અમદાવાદ મનપાએ કોરોના ટેસ્ટીગ માટેની છાવણીઓ ઘટાડી દીધી છે. હોસ્પિટલોમાં જગ્યા નથી.....! તો હજુ સુધી કોરોના રસીની શોધ થઈ નથી. મોટાભાગના વાલીઓ પોતાના સંતાનોને શાળાએ મોકલીને પોતાના સંતાનની જિંદગી જોખમમાં મુકવા માંગતા નથી...... ત્યારે એટલો જ સવાલ ઉઠવા પામ્યો છે એ કેટલા વાલીઓ કે માતા-પિતા પોતાના સંતાનોને શાળામા મોકલશે.....?*

*દેશમાં કેટલાક રાજ્યોમાં કોરોના સંક્રમિત કેસોને કારણે કેન્દ્રના આરોગ્ય મંત્રીએ મહારાષ્ટ્ર, ગોવા, મણિપુર, મિઝોરમ, ઉતરાખંડ, મેઘાલય, ત્રિપુરા વગેરે રાજ્યોને કોરોના દર્દીઓના મૃત્યુનુ પ્રમાણ ઘટાડવા માટે અસરકારક પગલાં લેવા જણાવી દીધું, અને આવા સમયમાં દેશભરમાં નવા ૪૪,૯૫૫ જેટલા કેસો નોંધાયા છે અને નવા ૫૨૦ દર્દીના મોત થયા છે. જો કે દેશભરમાં કુલ ૮૬,૭૦,૬૧૦ કોરોના સંક્રમિતોના કેસો નોંધાયા તેમાં સાજા થનારની સંખ્યા ૮૦,૫૩,૦૧૭ પર પહોંચી ગઇ છે. જોકે કુલ મૃતાક ૧,૨૭,૯૭૩ નોંધાયો છે તો દિલ્હીમા કોરોનાએ પુનઃ ત્રાટકવાનું શરૂ કર્યુ છે. બુધવારે ૮,૫૯૩ લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે, તે સાથે કોરોના સંક્રમિતોનો આંક ૪,૫૯,૯૭૫ થી આગળ જવા લાગ્યો છે. જોકે બુધવારે એક જ દિવસમાં કોરોનાએ ૮૫ દર્દીઓને મોતના મુખમાં હોમી દીધા છે, તો અહી દિલ્હીમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૪૦૧૬ પર પહોંચી ગઈ છે. અને તેમાં દિનપ્રતિદિન વધારો થતો જઈ રહ્યો છે. દેશમાં આવી ઘટમાળ વચ્ચે ચિંતાની બાબત એ છે કે હજુ સુધી કોરોના મારક રસી શોધાઈ નથી.જો કે રશિયાએ કોરોના વેક્સિન શોધી કાઢી અને તેનો અમલ રશિયામાં જ શરૂ કરી દીધો છે..... પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થા તેનો દાવો સ્વીકારતું નથી. બીજી તરફ અમેરિકાની ફાઈઝર અને જર્મનની બાયોએનટેકની વેક્સિન કોરોના રોકવામાં ૯૦ ટકાથી વધુ સફળ થઇ હોવાનો દાવો થયો છે. જેથી વિશ્વમાં વેક્સિન માટે આશા જન્મી છે. તેમજ વિશ્વના અન્ય દેશો રસી શોધવામા મશગુલ છે. ત્યારે કોરોના રસી માટેની જે ટ્રાયલ અને મંજૂરીની પ્રક્રિયા છે તેમાં લાંબો સમય જાય છે એટલે કોરોના વેક્સિન ૨૦૨૧ માં આવી શકે......! ત્યારે લોકોએ સ્વયં રસી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોરોનાથી બચવા માટેના નિયમોનુ પાલન કરવું અતિ આવશ્યક છે......!*

### પાકિસ્તાને આતંકવાદીઓની યાદી જાહેર કરી

## મુંબઇ ૨૬/૧૧ના હુમલામાં અમારા ૧૧ આતંકવાદીઓ સામેલ હતાઃ પાકિસ્તાનનું કબુલનામું



ઈસ્લામાબાદ,તા.૧૨

મહાનગર મુંબઈમાં ૨૦૦૮ના નવેંબરની ૨૬મીએ થયેલો આતંકવાદી હુમલો પોતાની ધરતી પરથી થયો હતો એવો એકરાર પાકિસ્તાને પહેલીવાર કર્યો હતો અને પાકિસ્તાનની મોખરાની તપાસ સંસ્થા ફેડરલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સીએ આતંકવાદીઓની એક યાદી પ્રગટ કરી હતી જેમાં મુંબઇ પરના હુમલામાં સંડોવાયેલા આતંકવાદીઓનો પણ સમાવેશ થયો હતો. એજન્સીએ જે આતંકવાદીઓનાં નામની યાદી પ્રગટ કરી હતી એમને મોસ્ટ વોન્ટેડ ગણાવ્યા હતા. આ યાદીમાં લશ્કર એ તૈબાના ઘણા આતંકવાદીનો સમાવેશ છે જે મુંબઇ પરના હુમલા સાથે સીધી યા આડકતરી રીતે સંડોવાયા હતા. એવા આતંકવાદીઓમાં ઈફ્તીખાર અલી, મુહમ્મદ અમજદ ખાન, મુહમ્મદ ઉસ્માન, અબ્દુલ રહેમાન ઈત્યાદિનો સમાવેશ થયો હતો. મુંબઇ પરના હુમલા માટે બોટ, હથિયારો અને અન્ય સામગ્રી ખરીદનારા આતંકવાદીઓનાં નામ પણ આ યાદીમાં હતાં.

મુંબઇ પરના હુમલાનું આયોજન અને આર્થિક સહાય વગેરે પોતાને ત્યાંથી થયાં હોવાનું પણ પાકિસ્તાને સ્વીકાર્યું હતું.

દરિયા માર્ગે મુંબઇ પર થયેલા હુમલામાં ૧૬૦ દેશી વિદેશી લોકો માર્યા ગયા હતા. છત્રપતિ શિવાજી ટર્મિનસ (બોરીબંદર), ભાયખલા અને ગેટવે ઑફ ઈન્ડિયા નજીકની તાજમહાલ હૉટલ પર આતંકવાદીઓ ત્રાટક્યા હતા. માત્ર મુંબઇ નહીં, ઊરી, પુલવામા, પઠાણકોટ સહિત ડઝનબંધ સ્થળોએ આતંકવાદી હુમલા થયા હતા. ભારતે એક કરતાં વધુ વખત પાકિસ્તાનને આ બાબતે પુરાવા આપ્યા હતા પરંતુ પાકિસ્તાને કદી પોતાના અપરાધો સ્વીકાર્યા નહોતા. આ પહેલીવાર પાકિસ્તાને એકરાર કર્યો હતો કે ભારત પર થયેલા આતંકવાદી હુમલાનું આયોજન અમારી ધરતી પરથી થયું હતું અને એની પાછળ થયેલો ખર્ચ પણ અમારા દ્વારા ઉપાડવામાં આવ્યો હતો.

## અમેરિકામાં ટ્રમ્પ બળવાની તૈયારીમાં? રાતોરાત પેન્ટાગોનના ટોચના અધિકારીમાં મોટા ફેરફાર

વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં પરાજિત થયા હોવા છતાં હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાર માનવા તૈયાર નથી. એક અહેવાલ મુજબ એ કોઇ પણ રીતે તખ્તાપલટની તૈયારી કરી રહ્યા હતા. ટ્રમ્પે પેન્ટાગોનમાં કરેલા ફેરફારો એવું સૂચવી રહ્યા હતા કે ટ્રમ્પ સત્તા પર કોઈપણ ભોગે ટકી રહેવાની તૈયારી કરી રહ્યા હતા.

ટ્રમ્પની ભત્રીજીએ ટ્વીટર પર આવું બની રહ્યું હોવાનો અણસાર પણ આપ્યો હતો. ટ્રમ્પના વફાદાર ઑફિસર્સને વિવિધ હોદ્દા પર ગોઠવવામાં આવી રહ્યા હતા અને વફાદારીની શંકા હોય એવા અધિકારીઓને ખસેડાઇ રહ્યા હતા. એનો આરંભ સોમવારે થયો હતો. સંરક્ષણ પ્રધાન માર્ક એસ્પરને સૌથી પહેલાં ખસેડવામાં આવ્યા હતા. એસ્પરના સ્થાને નેશનલ ટેરરીઝમ પ્રિવેન્શન ફોર્સના ડાયરેક્ટર ક્રિસ્ટોફર મિલરને ગોઠવવામાં આવ્યા હતા.

ટ્રમ્પ હજુ પણ સતત એવા આક્ષેપ કરી રહ્યા હતા કે મતગણતરીમાં ગોલમાલ કરવામાં આવી હતી.જો બાઇડનની જીત અંગે ટ્રમ્પ સતત શંકા વ્યક્ત કરી રહ્યા હતા. ટ્રમ્પના આ અભિપ્રાયને વિદેશ પ્રધાન માઇક પોમ્પિયો સતત ટેકો આપી રહ્યા હતા. પોમ્પિયોએ કહ્યું હતું કે સત્તાનું હસ્તાંતરણ શાંતિપૂર્ણ રીતે થશે અને ટ્રમ્પ પોતાના બીજા શાસનનો શુભારંભ કરશે. ટ્રમ્પની ભત્રીજી મેરી એલ ટ્રમ્પે ટ્વીટર પર લખ્યું હતું કે સતત સાવધ રહેજો. ટ્રમ્પ સત્તાપલટો કરી શકે છે. એ સહેલાઈથી સત્તા છોડશે નહીં. જો બાઇડન કાયદેસર રીતે જીત્યા હતા પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ એ હકીકત સ્વીકારવા તૈયાર નથી. એ બળવો કરી શકે છે. એમના દ્વારા લેવાઇ રહેલાં પગલાં પણ આ હકીકત સૂચવે છે.

## બિહારના મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમાર ૧૬ નવેમ્બરે શપથગ્રહણ કરે તેવી શક્યતા

પટના,તા.૧૨

બિહારમાં ફરી એકવખત નીતીશકુમાર જ મુખ્યમંત્રી બનવા જઇ રહ્યા છે. વિધાનસભા ચૂંટણીમાં એનડીએને સ્પષ્ટ બહુમતી મળી છે. હવે નીતીશકુમાર દિવાળી બાદ ફરી એકવખત મુખ્યમંત્રી પદના શપથ લેશે. સૂત્રોનું માનીએ તો ૧૬ નવેમ્બરના રોજ શપથ ગ્રહણ સમારંભ યોજાઇ શકે છે.

નીતીશ કુમાર આ વખતે સાતમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. સૌથી પહેલાં ૨૦૦૦ની સાલમાં તેઓ મુખ્યમંત્રી બન્યા હતા અને ત્યારથી અત્યાર સુધી અલગ-અલગ મોકા પર તેઓ શપથ લઇ ચૂકયા છે.

ચૂંટણી પરિણામોમાં આ વખતે ભારતીય જનતા પાર્ટી એનડીએ મોટો ભાઇ બની છે. એવામાં સતત ભાજપના કેટલાંક નેતા એવી માંગણી કરી રહ્યા હતા કે આ વખતે મુખ્યમંત્રી ભાજપનો જ બનવો જોઇએ. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવાર સાંજે ભાજપ મુખ્યાલયમાં કાર્યકર્તાઓને સંબોધિત કરતા સ્પષ્ટતા કરી દીધી કે બિહારમાં નીતીશ કુમારના નેતૃત્વમાં એનડીએની જ સરકાર બનશે.

બુધવાર મોડી સાંજે નીતીશ કુમારની તરફથી ચૂંટણી પરિણામો પર પહેલી પ્રતિક્રિયા આપી. તેમણે લખ્યું કે જનતા માલિક છે અને તેમણે એનડીએને પૂર્વ બહુમતી આપી છે. નીતીશ કુમારે તેની સાથે જ લખ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ચૂંટણી દરમ્યાન સહયોગ માટે આભાર.

## બિહાર ચૂંટણીઃ તેજસ્વી યાદવ અને સત્તા વચ્ચે માત્ર ૧૨ હજાર વોટનું જ અંતર રહી ગયું..!!

*પટના,તા.૧૨*

બિહાર વિધાનસભાની ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. જેમાં મહાગઠબંધનને પછાડીને એનડીએએ બાજી મારી લીધી હતી. જોકે દિવસભર ચાલેલા ખરાખરીના મુકાબલા બાદ ચિત્ર સ્પષ્ટ થયું હતું. સ્ટ્રાઈક રેટની દ્રષ્ટિએ નજર કરવામાં આવે તો ભાજપનો સ્ટ્રાઈક રેટ ૬૬.૪ ટકા રહ્યો હતો જે ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં માત્ર ૩૩.૮ ટકા રહ્યો હતો.

જયારે વામદળોએ ૨૦૧૫ની બિહાર વિધાનસભાની ચૂંટણીમાં માત્ર ૧.૩ ટકા જ સ્ટ્રાઈક રેટ હતો જે આ વખતે જબ્બર રીતે વધીને ૫૫.૨ ટકા થઈ ગયો છે. કોઈ પણ પાર્ટીનો સ્ટ્રાઈક રેટ તેને કેટલા ઉમેદવારો ઉભા રાખ્યા અને તેમાંથી કેટલી બેઠકો હાંસલ કરી તેના પરથી કાઢવામાં આવે છે.

રસપ્રદ વાતે એ રહી હતી કે, લગભગ ૩૦ કલાકથી પણ વધારે ચાલેલી મતગણતરી બાદ ભારે માથાકુટ વચ્ચે એક વાત સામે આવી છે કે, એનડીએ અને મહાગઠબંધન વચ્ચે માત્ર ૧૨,૭૬૮ મતોનું અંતર રહ્યું છે. ૨૦૨૦ની બિહારની ચૂંટણીમાં ૧,૫૭,૦૧,૨૨૬ કરોડ લોકોએ એનડીએ પર પોતાની પસંદગી ઢોળી હતી જયારે મહાગઠબંધનના ખાતામાં ૧,૫૬,૮૮,૪૫૮ મત પડ્યાં. જોકે બંને ગઠબંધનો વચ્ચે ૧૫ બેઠકોનું અંતર રહ્યું. એનડીએ ૧૨૫ બેઠકો પર જીત્યું તો મહાગઠબંધન ૧૨૨ના જાદૂઈ આંકડાથી દૂર રહી અને તેને ૧૧૦ બેઠકો મળી. આમ મહાગઠંનનો પનો ૧૨ બેઠકોથી ટુંકો પડ્યો. આવી જ રીતે બિહારના માત્ર ૧૨,૭૬૮ મતદાતાઓએ તેજસ્વીએ યાદવને મુખ્યમંત્રી ના બનવા દીધા.

જેડીયૂ, આરજેડી અને કોંગ્રેસ પાર્ટીની વાત કરવામાં આવે તો આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં આ ત્રણેય પક્ષોનો સ્ટ્રઈક રેટમાં સારો એવો ઘટાડો નોંધાયો છે. નીતિશ કુમારની પાર્ટી જેડીયૂનો સ્ટ્રાઈક રેટ ૨૦૧૫માં ૭૦.૨ ટકા હતો જે આ વખતે ઘટીને લગભગ અડધો એટલે કે ૩૭.૪ ટકા રહી ગયો છે. જયારે જેડીયૂએ ગઈ વખતે ૭૯.૨ ના સ્ટ્રાઈક રેટ સાથે ૮૦ બેઠકો પોતાના નામે કરી હતી જયારે આ વખતે ૫૨.૮ ટકા સ્ટ્રાઈક રેટ સાથે તેની સંખ્યા ઘટીને ૭૫ રહી ગઈ છે. કોંગ્રેસની સ્થિતિ સૌથી ખરાબ રહી. ૨૦૧૫ની ચૂંટણીમાં કોંગ્રેસનો સ્ટ્રાઈક રેટ ૬૫.૯ ટકા હતો જે આ વખતે ઘટીને ૨૭.૧ ટકા રહી ગયો હતો.

### મજબૂત પક્ષો સાથે ચૂંટણી લડવા છતાં નબળો દેખાવ કર્યો

## કોંગ્રેસે આત્મચિંતન કરવાની જરુર છેઃ તારિક અનવર

પટના,તા.૧૨

બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો જોયાં પછી કોંગ્રેસના નેતા તારિક અનવરે કહ્યું હતું કે કોંગ્રેસ પક્ષે હવે અચૂક આત્મચિંતન કરવાની જરૂર છે. રાજદ જેવા મજબૂત પક્ષ સાથે સહયોગ કર્યો હોવા છતાં બિહારમાં કોંગ્રેસ ધાર્યાં પરિણામો મેળવી શકી નહીં.

મહાગઠબંધન સત્તા મેળવી શક્યું નથી એનું કારણ કોંગ્રેસનો નબળો દેખાવ છે એમ તારિકે કહ્યું હતું. કોંગ્રેસનું જે રીતે ધોવાણ થયું છે એ જોતાં કોંગ્રેસે આત્મમંથન કરવું જોઈએ.આપણે સત્યનો સ્વીકાર કરવો જોઈએ કે કોંગ્રેસના નબળા દેખાવના કારણે બિહારમાં મહાગઠબંધન સરકાર રચી શકતું નથી. ભૂલ ક્યાં થઇ એ કોંગ્રેસે શોધી કાઢવું જોઈએ. તારિકે એવો અભિપ્રાય પણ વ્યક્ત કર્યો હતો કે બિહારમાં અસદુદ્દીન ઓવૈસીના પક્ષાનું આગમન બિહાર માટે શુભ નથી.

તેમણે કહ્યું કે ભાજપ ભલે જીતી ગયો હોય, બિહાર હારી ગયું હતું. આ વખતે બિહારને પરિવર્તનની તાતી જરૂર હતી. પરિવર્તન આવ્યું નહીં અને વાસ્તવમાં બિહારનો પરાજય થયો. પંદર વર્ષથી સાવ નક્કામી પુરવાર થયેલી નીતિશ કુમારની સરકારથી બિહાર છૂટકારો મેળવવા માગતું હતું. પરંતુ એ શક્ય ન બન્યું.

જો કે તેમણે ઉમેર્યું હતું કે કશો વાંધો નહીં. બકરે કી મા કબ તક ખૈર મનાયેગી. ભાજપની મહેરબાનીથી ભલે નીતિશ કુમાર છેલ્લીવાર મુખ્ય પ્રધાન બની જતા.

## સ્કોર્પિન ક્લાસની ૫ મી સબમરીન 'વઝીર' નેવીમાં સામેલ



મુંબઇ,તા.૧૨

ભારતીય નૌસેનાએ ગુરુવારે સમુદ્રમાં પોતાની તાકાત વધારવા માટે સ્કૉર્પીન ક્લાસની ૫મી સબમરીનને નેવીમાં સામેલ કરી છે. વાગિર સબમરીનને મઝગાંવ પોર્ટમાં આયોજીત મોટો સમારંભ બાદ નૌસેનામાં સામેલ કરવામાં આવી છે. આવનારા સમયમાં આ સબમરીન ભારતીય સમુદ્રી સીમામાં ભારતની તાકાત વધારશે.

વાગિર સબમરીનને મઝગાંવ પોર્ટમાં આયોજીત મોટો સમારંભ બાદ નૌસેનામાં સામેલ કરવામાં આવી છે. વાગિર પનડુબ્બી પ્રોજેક્ટ ૭૫ ટકા ભાગ આ દ્વારા પૂર્ણ થઇ ગયો છે. આ હેઠળ કુલ ૬ સ્કૉર્પીયન સબમરીન બનાવાની હતી. જેમાંથી ૫ બની ચૂકી છે. અને છઠ્ઠી સબમરીન વાગશીરના નિર્માણ કાર્યમાં તૈયાર થઇ રહી છે.

૨૦૧૫માં આ પ્રોજેક્ટની શરૂઆત અંતર્ગત પહેલી સ્કૉર્પિન સબમરીન કલવારીમાં લૉન્ચ થઇ હતી. ૨૦૧૭માં તેને નૌસેનામાં જોડવામાં આવી હતી. આ સમારંભમાં નૌસેનાના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા આ અંતર્ગત જ ભારતીય સેના તેની ત્રણેય પાંખની મજબૂત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. અને એ હેઠળ જ વાગિન સબમરીનને અરબ સાગરમાં નૌસેનાની તાકાત વધારવા માટે પાણીમાં ઉતારવામાં આવી છે.

સ્કૉર્પીન ક્લાસની સબમરિન તમામ પ્રકારના કાર્ય કરવા માટે સક્ષમ છે. અને તે એક અત્યાધુનિક સબમરીન છે. ઉલ્લેખનીય છે કે હાલ ભારતના ચીન અને પાકિસ્તાન સાથે જે રીતના સંબંધો થઇ રહ્યા છે તે જોતા આવનારા સમયમાં ભારતીય સેનાએ તેની ત્રણેય પાંખ એટલે કે થલ સેના, જળ સેના અને વાયુ સેનાને મજબૂત કરવાની જરૂર છે.

ભારત પ્રોજેક્ટ-૭૫ હેઠળ સ્કોર્પિયન ક્લાસની ૬ સબમરિન નો સેનામાં સામેલ કરવાનુ છે. આ પૈકી પાંચમી સબરમિન સામેલ થઈ ગઈ છે.૨૦૦૫થી આ પ્રોજેક્ટ ભારત અને ફ્રાંસ વચ્ચે ચાલી રહ્યો છે.આ પહેલા આઈએનસ કલવરી, આઈએનએસ ખંડેરી, આઈએનએસ કરંજ, આઈએનએસ વેલા નૌ સેનામાં સામેલ થઈ ચુકી છે.છઠ્ઠી સબમરિન આઈએનએસ વાગશીર પણ બહુ જલ્દી નૌ સેનાને મળી જવાની છે. તેની અત્યાધુનિક ટેકનોલોજીના કારણે તે સાયલન્ટ કિલર તરીકે કામ કરશે.

## ઉલ્ફાના ખતરનાક નેતા દ્રિષ્ટિ રાજખોવા સહિત ચાર આતંકીઓએ આત્મસમર્પણ કર્યું

ગુવાહાટી,તા.૧૨

ભારતીય લશ્કરને આસામમાં એક મોટી સિદ્ધિ મળી હતી. લશ્કરના ગુપ્તચર વિભાગે આપેલી બાતમી મુજબ આતંકવાદ વિરોધી પગલાં દરમિયાન ઉલ્ફા (યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઑફ આસામ)ના ખતરનાક નેતા દ્રિષ્ટિ રાજખોવા અને બીજા ચાર આતંકવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું.

રાજખોવા ઉપરાંત વેદાંતા, યાસિન અસોમ, રોપજ્યોતિ અસોમ અને મિથુન અસોમ પણ શરણે આવ્યા હતા. લશ્કરને તેમની પાસેથી વિપુલ પ્રમાણમાં દારુગોળો મળ્યો હતો. છેલ્લા થોડાક મહિનાથી આ રીઢા આતંકવાદીઓને ઝડપી લેવા ભારતીય લશ્કર સતત પ્રયત્ન કરી રહ્યું હતું. લશ્કરી ગુપ્તચર સેવાએ આપેલી બાતમીના આધારે આતંકવાદ વિરોધી પગલાં લેવાઇ રહ્યા હતા. ઉલ્ફામાં રાજખોવા નંબર ટુના સ્થાન પર હતા. કેટલીક મોટી આતંકવાદી ઘટનાઓ માટે પોલીસને તેમજ સિક્યોરિટી દળોને એની તલાશ હતી.

રાજખોવા ઉલ્ફાના વડા પરેશ બરુઆના જમણા હાથ જેવો સાથીદાર હોવાની માન્યતા હતી. છેલ્લા ઘણા સમયથી રાજખોવા બાંગ્લા દેશમાં છૂપાયો હતો. તાજેતરમાં એ મેઘાલય પહોંચ્યો હતો. છેલ્લે એ જાફલોંગ પાસે દેખાયો હતો. યોગાનુયોગે એ અરસામાં પાકિસ્તાની આતંકવાદી ઈમરાન સિદ્દીકી પણ ત્યાં હતો એટલે સિક્યોરિટી દળોને શંકા હતી કે આ બંને સાથે મળીને કોઇ મોટા આતંકવાદી હુમલાની યોજના ઘડી રહ્યા હતા. જો કે બંને વચ્ચે કોઇ બેઠક થઇ હોવાના પુરાવા મળ્યા નહોતા.

ઉલ્ફા છેલ્લાં ઘણાં વરસોથી સ્વતંત્ર આસામ માટે લડત ચલાવી રહ્યું હતું. ૧૯૯૦થી કેન્દ્ર સરકારે એને આતંકવાદી સંસ્થા તરીકે જાહેર કરી હતી અને એની પ્રવૃત્તિઓને ગેરકાયદે જાહેર કરી હતી. ઉલ્ફાએ પણ ઈસ્લામી આતંકવાદીઓની જેમ ખૂબ લોહી રેડ્યું હતું.

### જીએસટી કલેક્શનમાં વૃદ્ધિ, ઉત્પાદનમાં વધારો વગેરે અર્થતંત્રની કડ વળી હોવાનો પુરાવો

## દેશનું અર્થતંત્ર સુધારા પર, જીએસટી કલેક્શન ૧૦ ટકા વધ્યુંઃ નાણાંમંત્રી

*ન્યુ દિલ્હી,તા.૧૨*

નાણામંત્રી નિર્મલા સીતારમણ એક પત્રકાર પરિષદને સંબોધી હતી. જેમાં તેમને કહ્યું હતું કે, રિફોર્મ માટે ભરવામાં આવેલા પગલાંના કારણે ઈકોનોમીમાં રિકવરી જોવા મળી છે. સૌથી મોટો પડકાર કોરોના સામે લડવાનો હતો. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ફરી એકવાર લાખો દેશવાસીઓને મોટી રાહત આપી હતી.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, તાજેતરમાં આંકડા અર્થવ્યવસ્થામાં સુધારના સંકેત આપી રહ્યા છે. જીએસટી કલેક્શન જેના અનેક આંકડાઓમાં સુધાર જોવા મળી રહ્યું છે અને રિઝર્વ બેંકે તે સંકેત આપ્યા છે કે ત્રીજા ક્વાર્ટર માં જ ઈકોનોમી પોઝિટિવ જીડીપી ગ્રોથ હાંસેલ કરી શકે છે. સુસ્ત રહેલુ અર્થતંત્રને ધીમે ધીમે બુસ્ટ કરવા સરકાર પર એક્શન મોડમાં આવી ગઈ છે.

નિર્મલા સીતારમણે આજે વધુ એક ૨ લાખ કરોડ રૂપિયાનું આર્થિક પેકેજ જાહેર કરતા કર્મચારીઓને મોટી રાહત આપી હતી. કોરોમા મહામારીનો સામનો કરી રહેલા લોકો અને ઉદ્યોગોમાં કામ કરતા કર્મચારીઓને બે વર્ષ માટે સરકાર તરફથી પીએફ આપવાની જાહેરાત કરી છે.

સરકારે કરેલી જાહેરાત પ્રમાણે ૧૦૦૦ કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓ કે કર્મચારીઓમાં નવી ભરતી કરવામાં આવેલા કર્મચારીઓનું પીએફનો તમામે તમામ ૨૪ ટકા હિસ્સો કેન્દ્ર સરકાર સબસિડીના રૂપમાં આપશે. આ નિયમ ૧લી ઓક્ટોબર ૨૦૨૦થી લાગુ થશે. આ નિયમ અંતર્ગત લગભગ ૯૫ ટકા કંપનીઓ કે સંસ્થાનો આવી જશે. જેથી કરોડો કર્મચારીઓને તેનો લાભ થશે. આ સાથે જ જે ક્ષેત્રોમાં ભારે દબાણ છે તેમાં રોજગારીઓ પેદા કરવા પર પણ ભાર આપવામાં આવશે.

પીએમ ગરીબ કલ્યાણ યોજના માટે ૧૦ હજાર કરોડ રૂપિયાની વધારાની વ્યવસ્થા. તેનો ઉપયોગ મનરેગા કે ગ્રામ સડક યોજના માટે કરી શકાશે.

ખેડૂતોને ખાતરની સબ્સિડી આપવા માટે ૬૫ હજાર કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ અગાઉ નાણા મંત્રી નિર્મલા સીતારમણએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, સરકારના પગલાંથી ફાયદો થયો છે. ત્રીજા ક્વાર્ટરમાં થઈ પોઝિટિવ ગ્રોથ જોવા મળી શકે છે. તેઓએ કહ્યું કે, ભારતીય અર્થવ્યવસ્થામાં મજબૂત રિકવરી થઈ રહી છે. અનેક સંતકો આ વાતને દર્શાવી રહ્યા છે.

નાણા મંત્રીએ કહ્યું કે, રેટિંગ એજન્સી મૂડીઝે કેલેન્ડર વર્ષ ૨૦૨૦ માટે ભારતના જીડીપી ગ્રોથના પોતાના અનુમાનને વધારી દીધું છે. સાથોસાથ રેટિંગ એજન્સીએ કેલેન્ડર વર્ષ ૨૦૨૧ માટે પણ દેશના જીડીપી ગ્રોથનું અનુમાન વધારી દીધું છે. મૂડીઝે વર્ષ ૨૦૨૦ માટે ભારતના જીડીપી ગ્રોથનો પોતાનો અનુમાનને વધારીને -૮.૯ ટકા કરી દીધો છે. આ પહેલા -૯.૬ ટકા હતો

નિર્મલા સીતારામણે પ્રેસ કોન્ફરન્સમાં વધુમાં કહ્યું કે, જીએસટી સંગ્રહ વધ્યો છે. ઓક્ટોબર મહિનામાં વાર્ષિક આધાર પર ૧૦ ટકાની તેજી આવી છે. બેંક ક્રેડિટમાં ૨૩ ઓક્ટોબર સુધીની તેજી આવી છે.

આત્મનિર્ભર ભારત ૧.૦ વિશે જણાવતા તેઓએ કહ્યું કે, ૨૮ રાજય તથા કેન્દ્રશાસિત પ્રદેશ એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ યોનાની સાથે આવ્યા છે. પીએમ સ્વનિધિ યોજના હેઠળ ૨૬.૨ લાખ લોનની ફાળવણી કરવામાં આવી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

NG 0059

વિભાગઃ-પદ્ય

દિવાળી.

ધન તેરસ લક્ષ્મી દેવી કૃપા
વર્ષે ઘરાયે. આવી દિવાળી
સાહિત્ય સરિતા બની વેગીલી
દેવીઓ ઘણી તેમાં એક
માનીતી લક્ષ્મી એકજ
આવી દિવાળી એ
ભાગ્યો કોરોના ખૂશ વિશ્ર્વ
મુબારક છે આવતુ નવુ
વર્ષ સાહિત્ય નું

જયકાન્ત એસ ઘેલાણી.

---

NOG: 0075

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ વધાવો દિવાળી

ઘોર નિરાશા માંહી
એક આશ કિરણ! જુઓ
દિવાળી આવી.
ઉઠો, આપો જાકારો
અવસાદને, કહો,જા બાપ,
દિવાળી આવી.
લીધી વિદાય વર્ષાએ,
પકાવ્યું ધાન ધરતીએ, જો
દિવાળી આવી.
હે જગતના તાત,
ખળે પડેલું ધાન, જો
દિવાળી આવી.
રાખ શ્રદ્ધા, ન સુવાડે
ભુખો કદી મારો રામ, જો
દિવાળી આવી.
ગૃહે, અંતરે, ગામે
શહેરે, દેશે વધાવ આગમન!
દિવાળી આવી.
કરીએ સ્વચ્છ, મન
માળીયા, ઘર, આંગણ,જો
દિવાળી આવી.
બાંધો તોરણ, પૂરો
રંગોળી, વહેંચો પ્રેમ મીઠાઈ
દિવાળી આવી.
ભૂલો ઈર્ષા,અદેખાઈ
લોભ, લાલચ, વેર હવે
દિવાળી આવી.
લાભ, શુભના થાપા
સદાય ગૃહે, દેશે માંગીએ
દિવાળી આવી.

કૌમુદી સોની સુરત

---

મનુષ્યનાં સત્કર્મો જ મુક્તિનો માર્ગ બને છે.

આ સંસારનો સનાતન સત્ય નિયમ છે કે, જે જીવ જન્મ લે છે, તે મૃત્યુ પામે છે. આ નિયમ મનુષ્ય, પશુ, પક્ષીઓ તથા તમામ જીવજંતુઓને પણ લાગુ પડે છે. પરંતુ આજે આપણે મનુષ્ય જન્મની વાત કરવાની છે. દરેક માનવી આ સંસારમાં ખાલી હાથે આવે છે ને ખાલી હાથે જ ચાલ્યો જાય છે. કોઈપણ વ્યક્તિ ઈચ્છવા છતાંય પોતાની સાથે કશુંય સાથે લઈ જઈ શકતો નથી, ફક્ત એની સાથે એનાં સારાં કે ખરાબ કર્મો જ જાય છે.

મનુષ્ય અવતાર આપણને સત્કાર્યો કરવા તેમજ પ્રભુનું સ્મરણ કરવા માટે મળેલો છે. છતાંપણ આપણે પામર મનુષ્યો, આપણા જન્મદાતા એવા પ્રભુને ભજવા માટે દશ મિનિટ પણ ફાળવી શકતા નથી કે પ્રભુનું સ્મરણ કરતાં નથી. આપણી પાસે પૂરતો સમય હોય, નાણાંકીય સ્થિતિ સારી હોય તો પણ આપણે કોઈ સત્કાર્યો કરતાં નથી કે ઈશ્વરનું સ્મરણ કરતાં નથી. પરન્તુ આપણે તો દરરોજ દાદાગીરી, બળજબરી, ગુંડાગર્દી, ચોરીચપાટી, અનીતિ, બેઈમાની, જૂઠ વિગેરેમાં સમય બરબાદ કરીયે છીએ. આ બધાં અધમ અને નઠારાં કૃત્યો છે.આ બધાં કૃત્યો કરવાથી સમાજ તો આપણને વિકારી મનુષ્ય ગણી તિરસ્કાર કરી દે છે, પરંતુ ભગવાન પણ આપણને નરકનાં દ્વાર દેખાડી દે છે.

દરેક માણસે પોતાના વ્યસ્ત સમયપત્રકમાંથી, પ્રભુની ભક્તિ કરવા માટે થોડો સમય જરૂરથી ફાળવવો જોઈએ. પરોપકારનાં થોડાં કાર્યો કરવા જોઈએ, નીતિ અને નેકીની રાહ પર ચાલવું જોઈએ, કોઈ મુસીબતમાં ફસાયું હોય તો એની પડખે ઉભું રહી એની મદદ કરવી જોઈએ, પોતાની આવકમાંથી શક્તિ કે ઈચ્છાનુસાર દાન પુણ્ય કરવું જોઈયે. કોઈ ભુખ્યાને ભોજન કરાવવું જોઈએ, અતિથીનો આદર સત્કાર અને બુઝુર્ગો તથા વડીલોને માન સન્માન આપવું જોઇએ. દરેક મનુષ્યે પ્રભુ ભક્તિ તથા સાદગીમાં પોતાનું જીવન વિતાવવું જોઇયે. કોઈને મદદ ના કરી શકીયે તો કાંઈ નહી,પરંતુ કોઈનું બૂરૂ થાય એવા કામો ક્યારેય ન કરવા જોઈએ. કોઈને રોટલો ન આપી શકીએ તો ચાલશે, પરંતુ કોઈનો રોટલો છિનવાઈ જાય એવી પ્રવૃત્તિઓ કદી કરવી જોઈએ નહી.

આ ભવાટવીમાં ભટકવું ન પડે તે માટે દરેક મનુષ્યે સત્કાર્યો કરવાં જોઈએ અને આ સત્કર્મો જ મનુષ્યની મુક્તિનો માર્ગ બને છે.

યોગેશ આર જોષી

હાલોલ , જિ.પંચમહાલ.

---

શાસ્ત્રોક્ત રીતે તિથિ-પંચાંગ અને દિવાળીના તહેવારોમાં કયા દિવસે કઈ તિથિ અને શા માટે, તેની સાચી સમજ...

તા. ૧૧ નવે. બુધવારે રાત્રીના ૧૨.૪૦ મિનિટ સુધી અગિયારસ.

તા. ૧૨ નવે. ગુરુવારે રાત્રીના ૯.૩૦ વાગ્યા સુધી બારસ.

તા. ૧૩ નવે. શુક્રવારે સાંજે ૫.૫૮ સુધી તેરસ પછી ચૌદશ.

તા. ૧૪ નવે. શનિવારે બપોરે ૨.૧૭ સુધી ચૌદશ, પછી દિવાળી.

તા. ૧૫ નવે. રવિવારે સવારે ૧૦.૩૬ સુધી દિવાળી, પછી બેસતું વર્ષ.

તા. ૧૬ નવે. સોમવારે વહેલી સવારે ૭.૦૫ સુધી એકમ, ત્યાર બાદ બીજ.

તા. ૧૬/૧૭ નવે. મંગળવારે વહેલી સવારે ૩.૫૬ એ બીજ પૂરી અને ત્રીજ શરૂ (બીજનો ક્ષય).

હિન્દૂ-જૈન કેલેન્ડર મુજબ કોઈ પણ વાર અને તિથિ સૂર્યોદયથી ગણાય. સૂર્યોદય વખતે જે તિથિ હોય તે તિથિ આખો દિવસ માનવામાં આવે. માટે બેસતાં વર્ષને દિવસે સૂર્યોદય સમયે એકમ છે જે તરત ૭.૦૫ વાગ્યે પુરી થઈ જાય છે છતાં એ દિવસે એકમ કહેવાય. જ્યારે બીજ રાત્રે ૩.૫૬ વાગ્યે પુરી થઈ જતી હોવાથી તેનો ક્ષય ગણાય કેમકે બીજા દિવસે સવારે સૂર્યોદય વખતે ત્રીજ છે.

અમુક વિધિ-વિધાન-પૂજન માટે જે તે તિથિનું જ મહત્વ હોવાથી તે તિથિ જ્યારે હોય ત્યારે જ કરવું જરૂરી હોય.★ આ કારણે અસમંજસ ઉભી થાય અને ક્યારે શું કરવું તે બાબત મુંઝવણ થાય. આ માટે ઉપરોક્ત સમજણ આપી છે જેથી સરળતા રહે.

---

કોઈ ગમતીલું
લાંબા વિયોગ બાદ
અચાનક મળી જાય,
ને હૈયે હરખ ની હેલી પડે
એ ક્ષણ દિવાળી
પ્રિયજન આમ અમસ્તુજ સાવ
નજીક આવી ને
ગાલ પર ટપલી મારે અને,
શરમ થી પાંપણ ઢળી પડે
એ ક્ષણ દિવાળી
કોઈક મજાનો સાથી
ક્યારેય પાછું વળી ને નહિ જુએ
એવી ખાતરી હોય અને,
ઓચિંતો જ આંગણે આવી ચઢે
એ ક્ષણ દિવાળી
જીવન ની સમી સાંજે,
વાળ ની લટ્ટ માં સફેદી હોય
અને ચહેરે આછી કરચલી હોય
તોયે પ્રિયતમ કહે
તું હજીયે જુવાન લાગે છે
એ ક્ષણ દિવાળી

# વિચાર વિમર્શ.

## સમજણ અને વ્યહવાર

મોટા ભાગે સમજણ જન્મજાત હોયછે ઉમર વઘતા તે પરિપકવ બને છે. અનુભવ, આજુબાજુ નુ વાતાવરણ, માતા પિતા ગુરુ ની શીખ તેમા ઉમેરાય છે. વળી બુદ્ધિ ની ક્ષમતા પણ તેમા ભાગ ભજવે છે. જો બુદ્ધિ ઓછી હોય અથવા મંદ બુદ્ધિ હોય તો સમજણ પણ ઓછી હોવાની. એટલે કે સમજણ નો વિકાસ આ બધા પરિબળો પર આધાર રાખે છે. વ્યહવાર એ સમજણ ને વર્તૅન મા ઉતારે છે જેવી સમજણ હશે તેને વ્યહવાર વ્યક્તિ કરશે. વડીલો ને આદર આપવો જોઈએ તેવી સમજણ હશે તો વ્યકતિ વયહવાર મા એટલે વર્તૅન મા પણ વડીલો ને આદર આપશે.માણસ નુ વયકતિતવ આ સમજણ અને વયહવાર પર આધારીત છે. તેની સમજણ અને વ્યહવાર ને આધારે તે વ્યકતિ ની કિંમત અંકાય છે. તેને મળતુ માન અપમાન આ સમજણ અને વયહવાર ને આધારે મળે છે. સાચી સમજણ અન સારો વ્યહવાર માણસ ને ઉચ્ચ કોટી નો બનાવે છે મોટાભાગના મહાપુરુષ મા આ ગુણ અવશય જોવા મળે છે. તે ઓ ની સમજણ અને વ્યહવાર સરળ હોય છે. તેથી જ મોટાભાગના લોકો તેનુ અનુસરણ કરે છે. તેમના માંથી તેઓ પરેણા મેળવે છે અને કે મુજબ વ્યહવાર વર્તૅન કરે છે. ઘણીવાર એવું પણ બને છે કે વ્યકતિ ની સમજણ જુદી હોય સારી હોય તેમ છતાં તેનો વયહવાર વર્તૅન ખરાબ હોય છે. દુયોઁધૅન જાણતો હતો તેને સમજણ હતી કે જે કરી રહયો છે તે ખોટું તે પાપ છે છતાં પણ તે પાપ કરતો રહયો. અટલે કે વાણી અને વર્તૅન મા ઘણી વાર વ્યકતિ મા ફેરફાર હોવાનો. જેટલી સાચી અને સારી સમજણ હશે કેટલો સાચો અને સારો વ્યહવાર મનુષ્ય મા આવશે.

શુભમ્ ભવતુ ભરત દવે. ૧૨૧૧

### ન્યુયોર્કમાં રાતના દસ પછી રેસ્ટોરન્ટ-પબ બંધ

# અમેરિકામાં કોરોના વિસ્ફોટ: ૧૦ દિવસમાં ૧૦ લાખ, ન્યુયોર્કમાં ફરી લોકડાઉન લાગુ



ન્યૂયોર્ક,તા.૧૨

ન્યુયોર્કમાં ફરી લોકડાઉન લગાવવામાં આવ્યું છે. ન્યુ યોર્ક ગવર્નર એન્ડ્ર્યુ ક્યૂમોએ આદેશ જાહેર કરતા તમામ બાર અને રેસ્ટોરન્ટ્સને શુક્રવારે રાત્રે ૧૦ વાગ્યાથી તત્કાલીન સંજોગોને ધ્યાનમાં રાખીને બંધ કરવાના આદેશ આપ્યા છે. યુએસમાં હાલ કોરોનાની બીજી લહેરને લીધે કોરોના પોઝિટિવ કેસ સતત વધી રહ્યા છે. જોકે ડેથ રેટ અને હોસ્પિટલાઈઝેશન રેટ સ્થિર રહ્યો હતો. સાથે જ, તેમણે સ્થાનિક ખાનગી રહેણાંકોમાં પણ એકઠાં થવા પર પણ મર્યાદા લાગુ કરી દીધી છે. હવે ૧૦ થી વધુ લોકો એકઠા નહિ થઈ શકે. તેમજ જણાવ્યું છે કે જો કેસ આ જ રીતે વધતા રહ્યા તો રેસ્ટોરન્ટ્સની મર્યાદા પણ ઘટાડી શકે છે.

સ્ટેટવાઈઝ કોરોના રેટ વધીને ૨.૯% થયો છે જે છેલ્લા કેટલાંક મહિનાથી સૌથી વધુ રહ્યો છે જયારે રાજયના કેટલાંક વિસ્તારોમાં મૃત્યુદર પણ વધી રહ્યો છે. ન્યુ યોર્ક શહેરમાં સંક્રમણનો દર વધવા છતાં મૃત્યુઆંક સ્થિર છે.

સમગ્ર દેશમાં ટ્રેન્ડ જોવા મળ્યો છે કે યુએસમાં રેકોર્ડ બ્રેક લોકો સંક્રમણના શિકાર થઈ રહ્યા છે અને હોસ્પિટલમાં દાખલ કરવા પડી રહ્યા છે. હાલ, મહામારીને કારણે ૬૨ હજાર અમેરિકન્સ સારવાર લઈ રહ્યા છે.

કોવિડ ટ્રેકિંગ પ્રોજેક્ટ હેઠળ મળેલા આંકડા પર નજર કરીયે તો મંગળવારના રોજ દેશભરમાં ૬૧૯૬૪ જેટલા લોકોને કોરોનાની સારવાર કરવામાં આવી હતી.

જોકે, બુધવારે ગવર્નર ક્યૂમોએ જણાવ્યું છે કે દેશભરમાં જે લોકો આદેશનું પાલન નહિ કરે તો કાયદેસરકાર્યવાહી માટે સમન્સ પાઠવવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે પૈસા જાય તો દુઃખ થાય પણ તે ફરી કમાઈ શકાય છે. પરંતુ, સ્વજન ચાલ્યા જાય તો તે પાછા નથી મેળવી શકાતા. જો બાર રેસ્ટોરન્ટ્સમાં લાઈટ્સ ચાલુ રહેશે અને લોકો પીતા રહેશે તો તેમને સમન્સ પાઠવવામાં આવશે.

### ઓનલાઈન સમાચાર અને સમસામયિક વિષય વસ્તુ સૂચના મંત્રાલયોના આધિન રહેશે

# હવે સૂચના-પ્રસારણ મંત્રાલયના દાયરામાં આવશે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ

**નોટિફિકેશન જાહેરઃ વેબસિરીઝ હવે બેફામ નહિ રહી શકે, ઓટીટી પ્લેટફોર્મ અને ડિજિટલ મીડિયા પણ સરકારી નિયંત્રણ હેઠળ આવશે**

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકારે આજે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઓનલાઈન કંટેંટ પ્રોવાઈડર્સને પણ સૂચના અને પ્રસારણ મંત્રાલય હેઠળ લાવવાની અધિસૂચના જાહેર કરી દીધી છે. અગાઉ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક કેસમાં દલીલ આપી હતી કે, ઓનલાઈન માધ્યમોના નિયમન ટીવી કરતા વધારે જરૂરી છે. હવે સરકારે ઓનલાઈન માધ્યમોથી ન્યૂઝ અને કન્ટેન્ટ પુરા પાડનારા માધ્યમોને પણ મંત્રાલય હેઠળ લાવવાનો નિર્ણય લીધો છે.

ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ અને મીડિયા વેબસાઈટને રેગ્યૂલેટ કરવા માટે નિયમ બનાવવા પાછળ ફેક ન્યૂઝ એટલે કે બનાવટી કે પાયા વિહોણા અહેવાલો પર લગામ કસવાનું છે. મંત્રાલયે તેના માટે નોટિફિકેશન જાહેર કરી દીધું છે. તે મુજબ હજે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઓનલાઈન કન્ટેન્ટ પ્રોવાઈડર સૂચના અને પ્રસારણ મંત્રાલગના દાયરામાં આવશે. ન્યૂઝ પોર્ટલ અને મીડિયા વેબસાઈટ્સને રેગ્યૂલેટ કરવા માટે સરકારે ૧૦ સભ્યોની કમિટી બનાવી હતી. આ કમિટીમાં સૂચના તથા પ્રસારણ, કાયદા, ગૃહ, આઈટી મંત્રાલય અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી અને પ્રમોશનના સચિવોને સામેલ કરવામાં આવ્યા. આ ઉપરાંત સ્અર્દ્દના ચીફ એક્ઝિક્યૂટિવ અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન અને ઈન્ડિયન બ્રોડકાસ્ટર્સ એસોસિએશનના પ્રતિનિધિઓને પણ સભ્ય બનાવવામાં આવ્યા છે.

કમિટી તરફથી ઓનલાઈન મીડિયા, ન્યૂઝ પોર્ટલ અને ઓનલાઈન કોન્ટેન્ટ પ્લેટફોર્મ માટે યોગ્ય નીતિઓની ભલામણ કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવેલા કેન્દ્ર સરકારના સોગંધનામા મુજબ, દેશભરમાં સરકારે ૩૮૫ ચેનલોને નિયમિત ન્યૂઝ ચેનલના લાઈસન્સ આપ્યા છે. આ ચેનલ સમાચારોની સાથે મનોરંજનના કાર્યક્રમો પ્રસારિત કરે છે. તેમાં ઈન્ટરવ્યું, ડિબેટ કાર્યક્રમ અને જનતા સુધી જાણકારી પહોંચાડનારા અન્ય અનેક કાર્યક્રમનો શમાવેશ થાય છે.

આ ઉપરાંત સૂચના અને પ્રસારણ મંત્રાલયે ૫૩૦ એવી ચેનલોને પણ લાઈસન્સ આપ્યા છે જેઓ પૂરી રીતે મનોરંજન, ખેલ અને ભક્તિ, અધ્યાત્મના કાર્યક્રમ પ્રસારિત કરે છે. આ ન્યૂઝ ચેનલોના આત્મ નિયમન માટે સૌથી પહેલા ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન બનાવવામાં આવ્યું. તેમાં દેશની અનેક અગ્રણી ન્યૂઝ ચેનલ્સ સામેલ છે. તેનું સભ્યપદ ઈચ્છુક છે. તેની પ્રશાસનિક વ્યવસ્થાની આગેવાની સુપ્રીમ કોર્ટના જ સેવા નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ અર્જુન કુમાર સીકારી કરી રહ્યા છે. બીજું સંગઠન તાજેતરમાં જ અસ્તિત્વમાં આવ્યું છે- ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ ફેડરેશન (ફ્રમ્છ) જેની પ્રશાસનિક સમિતિની આગેવાની હજુ નક્કી નથી કરવામાં આવી. દેશમાં હજી પણ ૨૩૭ ટીવી ચેનલ એવી છે જે આ બંનેમાંથી કોઈ પણ સંગઠનની સભ્ય જ નથી. આ ચેનલો વિરુદ્ધ સામે થતી ફરિયાદો, ગડબડીઓ કે બેદરકારી પર કાર્યવાહી કરવા માટે સૂચના અને પ્રસારણ મંત્રાલયે આંતરિક મંત્રાલય સમિતિ બનાવી છે. આ સમિતિ ફરિયાદો પર કે પછી જાતે નોંધ લઈને કાર્યવાહી કરે છે.

# મમતા બેનર્જીના ખાસ કેબિનેટ મંત્રી શુભદ્દુ અધિકારીએ બળવો પોકાર્યો

કોલકાત્તા,તા.૧૨

બિહારની ચૂંટણી પૂરી થતાની સાથે જ હવે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની હલચલ શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પહેલા જ મમતા સરકારને જોરદાર ઝાટકો લાગી શકે છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસમાં નંબર ટૂ તરીકે ઓળખાતા અને મમતા બેનરજીના ખાસ એવા કેબિનેટ મંત્રી શુભદ્દુ અધિકારીએ બળવો પોકાર્યો છે.

નંદીગ્રામમાં અલગથી રેલી કરીને બગાવતનો બણગો ફૂંકનારા શુભેંદુ અધિકારી આજે મમતા બેનરજીની કેબિનેટ બેઠકમાં પણ ગેરહાજર રહ્યાં હતાં. અધિકારીની સાથો સાથ અન્ય ત્રણ મંત્રી બંદોપાધ્યાય, ગૌતમ દેવ અને રવીન્દ્રનાથ ઘોષ પણ બેઠકમાં પહોંચ્યા નહોતા.

શુભેંદુ અધિકારીએ ત્રણેય નજીકના નેતાઓની સુરક્ષા પણ હટાવી દેવામાં આવી છે. બીજી બાજુ ભાજપ શુભેંદુને પાર્ટીમાં શામેલ થવાની ઓફર પણ કરી દીધી છે. જેથી મમતા બેનરજીની મુશ્કેલીઓ વધતી નજરે પડી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૫ નવેમ્બરે બંગાળમાં બે દિવસના પશ્ચિમ બંગાળના પ્રવાસે ગયા હતાં અને ત્યાં તેમણે મમતા બેનરજી સરકારને બરાબરની આડેહાથ લીધી હતી. શાહ પાછા ફર્યા બાદ બંગાળની રાજનીતિમાં અચાનક ગરમાવો આવી ગયો છે. મમતા માતે સંભવિત્ય આંચનાને આ ઘટના સાથે જ જોડીને જોવામાં આવી રહ્યો છે.

શુભેંદુ તરફથી બગાવતનું પહેલુ પગલું નંદીગ્રામમાં ત્યારે જોવા મળ્યું હતું જયારે તેમણે ટીએમસીથી અલગ રેલી કરીને મમતાને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. આ બેઠકમાં મમતાનુ કોઈ જ પોસ્ટર હતું. સાથે જ રેલીના અંતમાં ભારત માતા કી જયના નારા પણ લાગ્યા હતાં. જેથી સંકેત મળવા લાગ્યા છે કે, તેઓ મમતાથી અલગ થવાના મૂડમાં છે.

માનવામાં અજવી રહ્યું છે કે, શુભેંદુ ઘણા સમયથી પાર્ટીમાં પોતાની થઈ રહેલી ઉપેક્ષાથી ભારોભાર નારાજ હતાં. જોકે તેમણે પહેલી જ વાર આ પ્રકારે જાહેરમાં તેના સંકેત આપી દીધા છે. છેલ્લા એક મહિનાથી શુભેંદુની દરેક રેલીમાં જે પોસ્ટર લવાવવામાં આવી રહ્યાં છે તેમાં મમતા બેનરજી અને ટીએમસી બંનેનું કોઈ નામોનિશાન નજરે પડતું નથી.

### ગૃહમંત્રીએ કચ્છમાં વિકાસોત્સવ-૨૦૨૦નું ઉદ્ઘાટન કર્યું

# દેશના જવાનો દુશ્મનોના ઘરમાં ઘૂસીને મારે છે: શાહનો ધોરડોમાં હૂંકાર

**વિકાસ થવાથી કચ્છની સરહદ વધુ સુરક્ષિત બની, આજે ભૂજમાં પોસ્ટિંગ મેળવવા લાઈન લાગે છે, દેશની બધી સીમા પર વિકાસ ઉત્સવ થશે**

*કચ્છ,તા.૧૨*

શાહે આજે કચ્છના રણમાં ટેન્ટ સિટીમાં સીમા ક્ષેત્ર પાસે 'વિકાસોત્સવ ૨૦૨૦'નુ ઉદઘાટન કર્યુ. દેશની પાકિસ્તાનને જોડતી પશ્ચિમી સરહદે ભુજ તાલુકાના ધોરડો ખાતે ગૃહમંત્રી અમિત શાહે ત્રણ જિલ્લાના સરહદી ગામોના સરપંચો સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં અમિત શાહે કહ્યું કે, મા આશાપુરાના આશીર્વાદથી સીમા સુરક્ષિત છે. ઘણા સમય પછી ભુજ આવ્યો છું. કચ્છનું નવુ સ્વરૂપ જોઈ બહુ સંતોષ થયો. સંપૂર્ણ યશ વડાપ્રધાન મોદીને જાય છે. પહેલાં ભુજ પનિસમેન્ટ પોસ્ટિંગ માટે ઓળખાતું હતું. આજે ભુજમાં પોસ્ટિંગ મેળવવા લાઈન લાગે છે. દેશની બધી સીમા પર વિકાસ ઉત્સવ થશે.

આ ઉપરાંત ગૃહમંત્રીએ કહ્યું કે, સીમાવર્તી ગામના નાગરિકોને તમામ સુવિધા મળશે. વિકાસ થવાથી સીમા સુરક્ષિત બની છે. દેશના જવાનો દુશ્મનોને જડબાતોડ જવાબ આપે છે. એટલું જ નહીં દુશ્મનોના ઘરમાં ઘૂસીને મારે છે. સરહદ પર દરેક નાગરિકમાં જાગૃતિ જરૂરી છે. બીએસએફના જવાનો પણ દુનિયાની સૌથી મોટી તાકાત સામે આંખોમાં આંખો નાખીને છાતી કાઢીને જવાબ આપવા સક્ષમ છે.

અમિત શાહે કહ્યું કે, ૫૦ વર્ષમાં સીમાઓ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ જેટલું નથી થયું તેટલું નરેન્દ્ર મોદીની સરકારે ૬ વર્ષની અંદર કામ કરીને સીમાઓને સુરક્ષિત કરવાની જવાબદારી ખુબ સારી રીતે નિભાવી છે. ૨૦૦૮થી ૨૦૧૪ સુધી સીમાઓ પર રોડના રિસરફેસિંગની ઝડપ ૧૭ કિમી હતી અને ૨૦૧૪થી ૨૦૨૦ સુધી ૧૭૦ કિમીથી વધારીને ૪૮૦ કિમી સુધી પહોંચાડવાનું કામ કર્યું છે.

ગૃહમંત્રી અમિત શાહ ગઈકાલે મોડી રાત્રે ભુજ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. તેમણે સર્કિટ હાઉસ ઉમેદભવન ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું. આજે સવારે તેઓ ગુરુવારે સવારે ઉમેદભવનથી ભુજ એરપોર્ટ પહોંચી ત્યાંથી હેલિકોપ્ટરમાં બેસી ધોરડો પહોંચ્યા હતા. અહીં તેઓ પાટણ, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના સરપંચો સાથે સંવાદ કરી પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.



ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યુ કે, "આવનારા દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે દૂનિયાનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટ ક્ષમતાનો રિન્યુએબલ પાર્ક આ કચ્છની સરહદ ઉપર આપણે ચાલુ કરવા જઈ રહ્યા છીએ" સરહદ સુરક્ષાને લઈને મુખ્યમંત્રીએ કહ્યુ કે, "સરહદો જાગૃત બનશે, સરહદી ગામો વિકાસશીલ બનશે તો આપણે સુરક્ષિત બનીશું".

# બિડેન સરકાર ભારત સાથે સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારીને પ્રાથમિકતા આપશે

વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બિડેન અગાઉ પણ ભારત-અમેરિકાનું સમર્થન કર્યું છે. જો બિડેન સત્તા સંભાળ્યા બાદ તેમની પ્રાથમિકતામાં ભારત સાથે સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે ભાગીદારી સૌથી મોખરે રહેશે તેમ ઓબામા સાશનકાળના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળમાં પણ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં વિકાસ થયો હતો.

અમેરિકન મીડિયાએ જો બિડેનને ડેમોક્રેટ પાર્ટીના નવા રાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે વિજેતા ગણાવ્યા છે. રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પે હજી સુધી હારનો સ્વીકાર કર્યો નથી અને ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામને સુપ્રીમ કોર્ટમાં પડકારવા વિચારી રહ્યા છે.

ભારત, પાકિસ્તા તેમજ દક્ષિણ એશિયા બાબતોના વરિષ્ઠ અધિકારી એલિસિયા આયર્સે કરાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ ખાતે જણાવ્યું હતું કે બિડેન તેમજ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ માટે ભારત સાથેના સંબંધો પ્રાથિકતાનો મુદ્દો રહેશે. ટ્રમ્પ તંત્રએ ભારત સાથેના સંબંધોમાં નોંધપાત્ર વિકાસ સાધ્યો હતો. આયર્સ ૨૦૧૦થી ૨૦૧૩ સુધી દક્ષિણ એશિયા માટેના ડેપ્યુટી આસિસ્ટન્ટ સેક્રેટરી રહ્યા હતા.

# બરોડા સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે ટ્રાવેલ એન્ડ ટુરીસ્ટ ગાઈડ તાલીમ કોર્ષનો સમાપન કાર્યક્રમ યોજાયો

**પાટણના પ્રવાસન ઉદ્યોગને વેગ મળે અને યુવાનો સ્વરોજગાર થકી પગભર થાય તે માટે રાજ્યમાં સૌપ્રથમ વખત બરોડા આરસેટી દ્વારા ટ્રાવેલ એન્ડ ટુરીસ્ટ ગાઈડ તરીકેની તાલીમ આપવામાં આવી**



માહિતી બ્યુરો, પાટણ

પાટણના ગોલાપુર ખાતે આવેલી બરોડા સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે નાયબ માહિતી નિયામકશ્રી અમિત ગઢવીના અધ્યક્ષસ્થાને ટ્રાવેલ એન્ડ ટુરીસ્ટ ગાઈડ કોર્ષનો સમાપન સમારોહ યોજાયો. જેમાં તાલીમાર્થીઓને તાલીમાંત પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના સભ્ય અને નાયબ માહિતી નિયામકશ્રી અમિત ગઢવીએ જણાવ્યું કે, પાટણ શહેર અને આસપાસના વિસ્તારો સમૃદ્ધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે. જેના લીધે પાટણમાં વર્ષભર મોટા પ્રમાણમાં દેશ-વિદેશથી પ્રવાસીઓ આવતા રહે છે. આ પ્રવાસીઓને વારસાથી માહિતગાર કરવા માટે તાલીમથી પ્રશિક્ષિત થયેલા તાલીમાર્થીઓ ખૂબ સહાયરૂપ થશે. ઉપરાંત, તાલીમાર્થીઓ માટે સ્વરોજગારીની નવી તકો ઉપલબ્ધ થશે.

બરોડા સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલા ટ્રાવેલ એન્ડ ટુરીસ્ટ ગાઈડ તાલીમ કોર્ષમાં ૨૨ જેટલા રોજગારવાંચ્છુઓએ ભાગ લીધો હતો. ૧૦ દિવસીય આ તાલીમમાં ઈતિહાસકારો, ટુરીઝમ ક્ષેત્ર સાથે સંકળાયેલા તજજ્ઞો અને અંગ્રેજી પ્રાધ્યાપક સહિતના નિષ્ણાંતોએ વિષય સબંધિત તાલીમ આપી હતી. મૂળ વિષયની સાથે સાથે તાલીમાર્થીઓને કમ્યુનિકેશન સ્કિલ, બિહેવિયર અને બૉડી લેન્ગવેજ સહિતના સોફ્ટ સ્કિલ અંગે પણ તાલીમ આપવામાં આવી. તાલીમ અંગેના પ્રતિભાવો વ્યક્ત કરતાં પાર્થવ પંડ્યાએ જણાવ્યું કે, અમને આ સંસ્થામાં નિષ્ણાંત તજજ્ઞો દ્વારા ઈતિહાસ ઉપરાંત ટુરીઝમ ક્ષેત્ર અને કમ્યુનિકેશન સ્કિલને લગતી બાબતોનું તલસ્પર્શી જ્ઞાન પુરૂં પાડ્યું છે. જેના થકી ટુરીસ્ટ ગાઈડ તરીકે આત્મનિર્ભર થઈ રોજગાર મેળવી શકીશું.

ગુજરાતનું ગૌરવ અને પાટણના આંગણે આવેલી વિશ્વ ધરોહર રાણીની વાવ વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષી રહી છે. ઉપરાંત સહસ્ત્રલીંગ સરોવર અને હસ્તકળાના શ્રેષ્ઠતમ નમૂના સમાન પટોળા પણ પાટણની આગવી ઓળખ છે. ત્યારે રાજ્યભરના અને દેશ-વિદેશના પ્રવાસીઓ તેના ભવ્ય ઈતિહાસથી અવગત થઈ શકે તે માટે જિલ્લા કલેક્ટરશ્રી સુપ્રીતસિંઘ ગુલાટી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખની પ્રેરણાથી બરોડા સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા રાજયમાં સૌપ્રથમ વખત ટ્રાવેલ અને ટુરીસ્ટ ગાઈડ કોર્ષનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગોલાપુર ખાતે આવેલી બરોડા આરસેટી ખાતે યોજાયેલા તાલીમાંત પ્રમાણપત્ર વિતરણ સમારોહમાં સંસ્થાના ફેકલ્ટી સર્વશ્રી મુકેશભાઈ ઠાકોર તથા આશિષભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.



સેવા પ્રોજેક્ટ -મીઠાઈ અને નમકીન તેમજ કપડાં વિતરણમાં હાજર બહેનો નો ખુબ ખુબ આભાર સેવા -સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ના સ્થાપક અને પ્રમુખ -સોનલબેન જોષી,સેક્રેટરી -વિરાજબેન પંડિત, જોઈન્ટ સેક્રેટરી -સ્નેહલબેન સોની ખજાનચી◦ રેખાબેન જોષી, એડવાઈઝર -સુશીલાબેન જોષી. ગેસ્ટ-દાતાશ્રી સુહાગબેન એ. રાણા, ◦ગીતાબેન ગોહિલ- , (જેમનો આજે બર્થ -ડે હોવાથી ચોકલેટ વિતરણ સર્વેને કરેલ.), તૃપ્તિબેન બારોટ ◦કારોબારી સભ્યશ્રીઓ◦દક્ષાબેન રાવલ, ફાલ્ગુનીબેન જોશી,કૈલાસબેન આચાર્ય, માયાબેન ભટ્ટ, સુલોચનાબેન શાસ્ત્રી અને અન્ય સભ્યશ્રીઓ...સર્વેનો ખુબ ખુબ આભાર. આવોને આવો હંમેશા સાથ- સહકાર આપતા રહેશો તેવી અભ્યર્થના. જય મહાદેવ?

આજના પ્રોગ્રામ ના ફોટાની સર્વિસ બજાવનાર ફોટોગ્રાફર માયાબેન નો ખુબ ખુબ આભાર

# એમસીએક્સ પર ઈન્ડેક્સ વાયદામાં હવે ૩૧ માર્ચ સુધી ઝીરો ટ્રાન્ઝેક્શન ચાર્જિસ લાગશે

મુંબઈ:

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૦૬,૨૬૨ સોદામાં રૂ.૧૪,૦૩૮.૫૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૨ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૨૯૨ની વૃદ્ધિ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં નરમાઈ સામે નેચરલ ગેસ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૪,૧૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૪૪,૩૭૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કપાસ અને કોટનના વાયદા ઢીલા ટ્રેડ થઈ રહ્યા હતા. સીપીઓ અને મેન્થા તેલમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો.

દરમિયાન, એમસીએક્સ દ્વારા ઓગસ્ટમાં શરૂ થયેલા બુલડેક્સ વાયદામાં ૨૩ નવેમ્બર સુધી અને ૧૯ ઓક્ટોબરથી શરૂ થયેલા મેટલડેક્સમાં અગાઉ આપેલી ૧૮ જાન્યુઆરી સુધીની ટ્રાન્ઝેક્શન ચાર્જિસમાં છૂટ આપવામાં આવી હતી, તે લંબાવીને ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી કરવામાં આવી છે. એટલે ૩૧ માર્ચ સુધી ઈન્ડેક્સ વાયદામાં ઝીરો ટ્રાન્ઝેક્શન ચાર્જિસ લાગશે.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૦૭૫૭ સોદાઓમાં રૂ.૬૩૭૫.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૩૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૪૭૩ અને નીચામાં રૂ.૫૦૨૧૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩૨ વધીને રૂ.૫૦૪૦૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૩ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૪૭૩ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૫૦૮૮ થયા હતા, જ્યારે સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૪ વધીને બંધમાં રૂ.૫૦૪૫૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૨૭૬૭ ખૂલી, ઊપરમાં રૂ.૬૨૯૪૭ અને નીચામાં રૂ.૬૨૧૪૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯૨ વધીને રૂ.૬૨૮૩૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૨૯૮ વધીને રૂ.૬૨૮૩૦ અને ચાંદી-માઈક્રો નવેમ્બર રૂ.૨૮૪ વધીને રૂ.૬૨૮૨૬ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૭૧૦૨૧ સોદાઓમાં રૂ.૩૮૭૧.૬૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૧૧૭ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૧૮ અને નીચામાં રૂ.૩૦૬૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧ ઘટીને રૂ.૩૧૦૩ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૮૬૭ સોદાઓમાં કુલ રૂ.૩૪૭.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન નવેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯૮૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૮૨૦ અને નીચામાં રૂ.૧૯૭૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૦ ઘટીને રૂ.૧૯૭૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૮૯૩.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૯.૧ વધીને બંધમાં રૂ.૯૦૪.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૭ અને નીચામાં રૂ.૯૬૦.૩ રહી, અંતે રૂ.૯૬૩.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૦.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૭૩.૫ અને નીચામાં રૂ.૧૧૬૮ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૦૦ ઘટીને રૂ.૧૧૭૦.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૮૬૯૪ સોદાઓમાં કુલ રૂ.૩૩૯૨.૮૫ કરોડ ની કીમતનાં ૬૭૩૮.૭૭૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૨૦૬૩ સોદાઓમાં કુલ રૂ.૨૯૮૨.૫૧ કરોડ ની કીમતનાં ૪૭૬.૩૭૬ ટન, ક્રૂડ તેલમાં ૩૦૧૦૭ સોદાઓમાં રૂ.૧૭૩૨.૮૦ કરોડનાં ૫૬૦૭૪૦૦ બેરલ્સ, કોટનમાં ૧૩૨ સોદાઓમાં રૂ.૮.૧૭ કરોડનાં ૪૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૬૭૫ સોદાઓમાં રૂ.૩૩૫.૬૩ કરોડનાં ૩૭૪૭૦ ટન, મેન્થા તેલમાં ૨૬ સોદાઓમાં રૂ.૨.૭૧ કરોડનાં ૨૮.૦૮ ટન, કપાસમાં ૩૪ સોદાઓમાં રૂ.૮૪.૨૭ લાખનાં ૧૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૬૯૯૪.૫૦૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૭૧.૩૯૫ ટન, ક્રૂડ તેલમાં ૪૦૯૪ બેરલ્સ, કોટનમાં ૪૪૩૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૦૫૯૦ ટન, એલચીમાં ૦.૬ ટન, મેન્થા તેલમાં ૧૫૫.૫૨ ટન અને કપાસમાં ૫૧૨ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૭.૫ અને નીચામાં રૂ.૮૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૮.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૫ અને નીચામાં રૂ.૩૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨૪ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૮૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૦.૫ અને નીચામાં રૂ.૭૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૫૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨૫૦૯.૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૫૩૦ અને નીચામાં રૂ.૨૪૮૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪૯૮.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૧૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૩.૧ અને નીચામાં રૂ.૫૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૭.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૮ ખૂલી, ઊપરમાં રૂ.૫૬.૫ અને નીચામાં રૂ.૪૨.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૮.૯ બંધ રહ્યો હતો.

# સિદ્ધપુર શહેરમાં ફટાકડાના ભાવમાં બે ફામ વધારો

સિદ્ધપુરમાં દિવાળીના તહેવારનો અગિયારસથી શરૂઆત થઇ છે ત્યારે શહેરમાં ફટાકડાનો વેચાણ માટે પરમીશન આપવામાં આવી છે સિદ્ધપુર શહેરમાં સાત જેટલા ફટાકડાના પરવાનેદાર લોકોને તંત્રે પરવાનગી આપી છે સિદ્ધપુરમાં ફટાકડાના વેચાણ માટેની અને જીતે સિવાય સંખ્યાબંધ લારીઓ ગેરકાયદેસર ફરી રહી છે સિદ્ધપુરમાં ઝાંપલીપોર વિસ્તાર જુનાગંજ બજાર વિસ્તાર વગેરે વિસ્તારમાં કોઈ નિયમનું પાલન કરાવવામાં આવી રહ્યું નથી જાહેરમાં ખુલ્લેઆમ લારીઓ ઉભી રહી છે એની સાથે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઇ રહી છે ક્યાંક ને ક્યાંક જો કોઇ મોટી દુર્ઘટના સર્જાય તો પાલિકા દ્વારા કોઇ જ પગલાં ભરવામાં આવ્યાં નથી સિદ્ધપુરમાં સાત જેટલા સ્ટોલ માં કોઈ નિયમો સાત બીજા સ્ટોરમાં કોઈ નિયમો જોવા મળી રહ્યા નથી

હાલ સિદ્ધપુરમાં ગેર કાયદેસર ફટાકડાના ધૂમ વેચાણ થઇ રહ્યું છે એ બાજુ જે ભાવ લેવામાં આવે છે એ ભાવ પણ નિયમ બહારના હોય તેમ લેવાઈ રહ્યા છે ફટાકડા ઉપર ની કિંમત હોય છે એનો કોઈ ગાઇડલાઇન મુજબ વેચાણ થતું નથી અને એને લઈને અત્યારે હાલ ફટાકડાના ભાવમાં પણ જે કહી શકાય કે વધારો કરી નાખ્યો છે વેપારીઓ દ્વારા સિદ્ધપુરમાં ૨૫ ટકા જેટલો વધારો ભાવ વધારો જોવા મળી રહ્યો છે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી નગરજનોની માંગ છે

# મહેમદાવાદના અકલાચા ચોકડી પાસે અકસ્માત,લોખંડની પ્લેટો ભરેલ ટ્રક ઝાડ સાથે અથડાઈ

ખેડા જિલ્લામાં સહિત ગુજરાત માં ઠંડી વાતાવરણમાં ચાલુ થયું છે ત્યારે મહેમદાવાદ તાલુકાના અકલાચા ચોકડી નો રસ્તા સિંગલ પટ્ટી રોડ હોવાના કારણે ડ્રાઈવર નજર ચૂક થી ઝાડ સાથે અથડાઈ જતા લોખંડની પ્લેટો ભરેલ ટ્રક પલટી ખાઈ ગઈ હતી. અને ટ્રકના કેબીનમાં ડ્રાઈવર ફસાઈ ગયો હતો જેની ગ્રામજનોએ નડીઆદ નગરપાલિકા ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડ ની રેસ્ક્યુ ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતી અને ફાયરબ્રિગેડ ની રેસ્ક્યુ ટિમ દ્વારા ઈલેક્ટ્રિક કટર નો ઉપયોગ કરી ડ્રાઈવર બહાર કાઢ્યો હતો જેમાં ૩ કલાક ની ભારે જહેમત બાદ ડ્રાઈવર ની હાલત ગંભીર હોવાથી તેને તાત્કાલિક ૧૦૮ ઈમ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો હાલ તે ડ્રાઈવર ની હાલ સામન્ય(સ્ટેબલ) છે.કુશલ ભટ્ટ

# કામધેનુ દિપાવલી અભિયાન‘ અંતર્ગત મુંજકા ગામ ઝળહળશે.





ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગના પ્રથમ અધ્યક્ષ, પ્રખર ગૌવ્રતી ડો. વલ્લભભાઈ કથીરીયા શરૂ કરેલ ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ અંતર્ગત કાઈસ્ટ કોલેજ મેઈન રોડ, હરીવંદના કોલેજની સામે, રાધેકૃષ્ણ મંદિર, મુંજકા ખાતે સાંજે ૭–૦૦ કલાકે, પ.પૂ. પરમાત્માનંદજી સરસ્વતીજીની વિશેષ ઉપસ્થિતિમાં ગોમય દિવડાઓ મુંજકા ગામના દરેક ઘરોમાં પ્રગટાવવામાં આવશે. મુંજકા ગામ સમસ્ત આ ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ માં જોડાશે અને ગૌસેવા, ગૌરક્ષા અંગે પોતાની પ્રતિબધ્ધતા વ્યકત કરશે. આ કાર્યક્રમમાં આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા,અજીત મહાપત્રજી ( અખિલ ભારતીય ગૌ સેવા ગતિવિધી સહપ્રમુખ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ), રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, જયેશભાઈ જાદવ (મુંજકા સરપંચ) વિગેરે ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન અંગે મુંજકા ગામના સરપંચ જયેશભાઈ જાદવ અને સમગ્ર મુંજકા ગ્રામજનોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવામાં આવી રહયો છે. ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગના પ્રથમ અધ્યક્ષ, પ્રખર ગૌવ્રતી ડો. વલ્લભભાઈ કથીરીયાએ શરૂ કરેલ ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ શરૂ કરાયું છે. ‘ગોમય ગણેશ અભિયાન‘ ની અપાર સફળતા અને જાહેર જાગૃતિથી પ્રોત્સાહીત થઈ રાષ્ટ્રીય કામધેનુ આયોગે ગોમય દિપકને જનતામાં લોકપ્રિય બનાવવા રાષ્ટ્રીય સ્તરે ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ ની ઉજવણી કરવાનો સંકલ્પ કર્યો છે. રાષ્ટ્રીય કામધેનુ આયોગની સ્થાપના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા યોગ્ય દિશામાં ગૌમાતા, ગૌવંશ, પશુપાલનની સલમતી, સંરક્ષણ, વિકાસ અને ઉત્કર્ષની સુરક્ષા, સંરક્ષણની ખાતરી કરવા માટે કરવામાં આવી હતી ‘ગોમય ગણેશ અભિયાન‘ ની પરીણામોથી પ્રોત્સાહીત થઈને આ વર્ષે દેશવ્યાપી દિપાવલી ઉત્સવ ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ નામે ઉજવવાનો નિર્ણય કર્યો છે. ભારતના ૧૧ કરોડ પરીવારોમાં આ વર્ષે ૩૩ કરોડ દીવાઓ પ્રગટે તેગો સંકલ્પ કરાયો છે. દીપપર્વ તેમ જ બારેમાસ માટે ગાયના છાણ, પંચગવ્ય આધારીત મીણબતીઓ, ધૂપ, ધૂપ લાકડીઓ, શુભ–લાભ, સ્વસ્તિક, સમરાની, હાર્ડબોર્ડ, વોલપીશ, પેપરવેટ, હવન સામગ્રી, ભગવાન ગણેશ અને લક્ષ્મીજીની મૂર્તિઓ, સાબુ, શેમ્પુ, ફીનાઈલ, દવાઓ સહિતની ૩૦૦ થી વધુ સામગ્રીઓનું નિર્માણ શરૂ થયું છે.

આ અંગેની વિશેષ માહિતી માટે ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ ના જયેશભાઈ જાદવ (મો.૯૮૭૯૩ ૨૮૭૩૮), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), અમર તલવરકર (મો.૯૮૯૮૪ ૫૭૭૫૭), સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા બિહાર ઈકાઈ નું પ્રથમ કવિ સંમેલન દ્વારા ઉદ્ઘાટન થયું

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ હિન્દી ગુજરાતી સાહિત્ય માટે ઑન લાઈન કાર્યરત છે, ખૂબ જ ટૂંકા ગાળામાં આ સંસ્થા ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સાહિત્ય સેવા સંસ્થા એ સફળતા મેળવી છે,

તાજેતરમાં બિહાર ઈકાઈ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ ની સ્થાપના કરી છે અને આ મંચ ના અધ્યક્ષ તરીકે ડૉ મીના પરિહાર પટના બિહાર ને નિયુક્ત કર્યા છે આ સંસ્થા એ તારીખ ૧૧ નવેમ્બર ૨૦૨૦ ના રોજ બપોરે બે વાગ્યે હિન્દી કવિ સંમેલન સીતા જી, ગુરૂ ગોવિંદ સિંહ અને ગુરુ તેગ બહાદુર વિષય પર ઑન લાઈન હિન્દી કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું અને બિહાર ઈકાઈ નું ઉદ્ઘાટન આદરણીય શ્રી સુનીલ મિશ્રા ફિલ્મ કલાકાર છત્તીસગઢ દ્વારા કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ નું સંચાલન આરતી તિવારી દિલ્લી ના સાહિત્યકાર દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં સહયોગ ડૉ ભાવના સાવલિયા રાજકોટ દ્વારા કરવામાં આવ્યો હતો

આ કાર્યક્રમ ની શરૂઆત સરસ્વતી વંદના રાગિણી શુકલ મુંબઈ દ્વારા કરવામાં આવી ત્યાર બાદ કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી

કવિ સંમેલન માં મુખ્ય અતિથિ તરીકે શ્રી ઉષા કિરણ બિહાર ના સાહિત્યકાર હતા અને વિશિષ્ટ અતિથિ તરીકે ડૉ મણી મુથ્થાં જબલપુર ઉપસ્થિત રહ્યા હતા

બિહાર ના અધ્યક્ષ શ્રી ડૉ મીના પરિહાર પટના દ્વારા અતિથિ ઓ નું સ્વાગત કરવામાં આવ્યું હતું, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ નું પણ આ પ્રસંગે ડૉ મીના પરિહાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ માં કુલ ૬૩ કવિઓ એ ભાગ લીધો હતો અને પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી

આ કાર્યક્રમ માં આભાર પ્રકટ એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ કોષાધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો આદરણીય શ્રી સુનીલ મિશ્રા ફિલ્મ કલાકાર છત્તીસગઢ દ્વારા સંસ્થા ની ખૂબ સરાહના કરવામાં આવી હતી અને ડૉ ગુલાબચંદ પટેલ રાષ્ટ્રીય અધ્યક્ષ તથા બિહાર ઈકાઈ ના અધ્યક્ષ શ્રી ડૉ મીના પરિહાર ને અભિનંદન પાઠવ્યા હતા

અંત માં રાષ્ટ્ર ગીત વંદે માતરમ્ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું

ડૉ ગુલાબચંદ પટેલ

અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર

# માણાવદરમાં સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે ચકલી ઘરનુ વિતરણ



દેશમાં લુપ્ત થઈ રહેલપંખીઓએ સૃષ્ટિ નું પર્યાવરણ ખતરામાં નાખી દીધું છે એક સમયે ગામ શહેરો અને નગરોમાં ચકલીઓના મોટા મોટા ટોળાં જોવા મળતા હતા આજે દેશમાથી ચકલીઓ અદશ્ય થઈ રહી છે ચકલીઓને બચાવવા ધણી સેવાભાવી સંસ્થાઓ આગળ આવી છે

ત્યારે માણાવદરમાં પણ સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે ચકલી ઘરનુ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે

સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ ના સભ્યો દ્વારા નવરાત્રી ની પૂર્ણાહુતિ દરમિયાન વિવિધ મંદિરે પધરાવેલ ગરબા માથી ચકલી ના માળા બનાવવામાં આવેલ છે આ ગરબામાંથી બનાવેલ ચકલી ના માળા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તાર માટે વિનામુલ્યે વિતરણ કરવામાં આવશે આ ચકલી ના માળા મેળવવા માટે બાલકૃષ્ણ સ્કુલ સરદારગઢ રોડ જીઈબી પાછળ માણાવદર ખાતેથી વિનામુલ્યે મળશે તેમ નિલેશભાઇ દેત્રોજા એ અખબારી યાદીમાં જણાવ્યું હતુ

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# કોરોનાને પગલે રાજ્યમાં પેરામેડિકલ સ્ટાફની દિવાળી રજાઓ કરાઈ રદ

ગાંધીનગર,તા.૧૨

કોરોનાને પગલે સરકારે રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજો તેમજ સંલગ્ન હોસ્પિટલો અને ગવર્મેન્ટ ઓટોનોમસ ઈન્સ્ટિટયુટસમાં વર્ગ ૧ અને ૨ના શૈક્ષણિક સંવર્ગના અધિકારીઓનું દિવાળી વેકેશન રદ કર્યુ છે. આજે આરોગ્ય વિભાગ દ્વારા તમામ કોલેજો-સંસ્થાઓના વડાઓને પરિપત્ર કરી દિવાળી વેકેશન રદ કરવાની સૂચના આપી દીધી છે. જેથી દિવાળીની રજાઓ દરમિયાન સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરો દર્દીઓની સેવામા ખડે પગે રહેશે. ગુજરાત યુનિ.સહિતની સરકારી યુનિ.ઓ દ્વારા સંલગ્ન મેડિકલ કોલેજો-સંસ્થાઓને ટીચિંગ સ્ટાફ માટે બે તબક્કામાં એક મહિના જેટલુ દિવાળી વેકેશન આપી દેવાયુ હતુ.

પરંતુ અમદાવાદની બી.જે મેડિકલ કોલેજ દ્વારા સંલગ્ન હોસ્પિટલમાં ફરજ બજાવતા પ્રોફેસરો-ડોક્ટરો માટે વેકેશન અપાયુ ન હતુ.જ્યારે કેટલીક સંસ્થાઓએ વેકેશન આપી દીધુ હતુ.જેને પગલે વિવાદ પણ થયો હતો. બીજી બાજુ મેડિકલ ટીચર્સ એસોસિએશન દ્વારા સરકારને રજૂઆત કરી દિવાળી રજાઓ આપવા માંગ કરાઈ હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.